અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ ઓક્ટોબર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો પૂનમ | અંક : ૧૦૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

આતંકવાદના મુદ્દે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા | SCO સમિટમાં શાહબાઝ શરીફની સામે ડો. જયશંકરે પાકિસ્તાનને ઠપકો આપ્યો અને આતંકવાદ પર સંભળાવ્યું

## ઈસ્લામાબાદમાં પણ એસ. જયશંકરનો આક્રમક અંદાજ

| (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૧૬ |

ભારતીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર હાલમાં SCO સમિટ માટે પાકિસ્તાનમાં છે. SCO સમિટને સંબોધિત કરતી વખતે શાહબાઝ શરીફની સામે એસ. જયશંકરે પાકિસ્તાનને સખત ઠપકો આપ્યો અને આતંકવાદ પર ખૂબ સંભળાવ્યું. ઈસ્લામાબાદમાં SCOની બેઠક દરમિયાન મજબૂત મેસેજ આપતાં વિદેશ મંત્રી એસ. જયશંકરે આજે બુધવારે સીમા પારના આતંકવાદના મુદ્દે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, પાકિસ્તાને એ વાત પર આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે બંને દેશો વચ્ચેના સંબંધો કેમ બગડ્યા? પોતાના સંબોધનમાં તેમણે ચીનનો પણ સમાવેશ કર્યો હતો. તેમણે ઈશારામાં CPEC પ્રોજેક્ટનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે, એકપક્ષીય એજન્સીથી SCOનો ઉદ્દેશ્ય પૂર્ણ થશે નહીં.





SCO સમિટમાં બોલતા જયશંકરે કહ્યું કે, 'જો કોઈ વિશ્વાસ નથી કે સહકારનો અભાવ છે, જો મિત્રતા ઓછી થઈ ગઈ છે અને પાડોશી જેવુ વર્તન ગાયબ છે, તો તેના કારણો શોધવા જોઈએ અને તેને દૂર કરવા જોઈએ.' આ દરમિયાન તેમણે પાકિસ્તાનનું નામ લીધું નહોતું, પરંતુ તેમનો સંકેત સ્પષ્ટ હતો. જયશંકરે વધુમાં કહ્યું કે, જો સરહદ પારથી આતંકવાદ, ઉગ્રવાદ અને અલગતાવાદને પ્રોત્સાહન આપવામાં આવશે તો વેપાર, ઉર્જાનો પ્રવાહ અને લોકો વચ્ચેનો સંપર્ક કેવી રીતે વધશે? તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, કટ્ટરવાદથી કોઈ દેશ આગળ વધતો નથી. વિકાસ અને પ્રગતિ માટે શાંતિ જરૂરી છે. હકીકતમાં, ભારત કહેતું રહ્યું કે તે પાકિસ્તાન સાથે સામાન્ય પાડોશી સંબંધો ઈચ્છે છે, પરંતુ આ માટે પાકિસ્તાન આતંકવાદ અને હિંસાથી મુક્ત વાતાવરણ બનાવે તે જરૂરી છે. જયશંકરનું આ નિવેદન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની મુલાકાતના એક દિવસ બાદ આવ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ પોતાના સંબોધનમાં ચીનનો ઉલ્લેખ કર્યો હતો. CPEC પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યા વિના, જયશંકરે કહ્યું કે, જો આપણે વિશ્વની પસંદગીપૂર્વકની પ્રથાઓ ખાસ કરીને વેપાર અને વ્યવસાયિક માર્ગોને પસંદ કરીએ છીએ, તો પછી સભ્ય દેશો પ્રગતિ કરી શકશે નહીં. તેમણે કહ્યું કે, 'SCOના સભ્ય દેશો વચ્ચે સહકાર પરસ્પર સન્માન અને સાર્વભૌમ સમાનતા પર આધારિત હોવો જોઈએ. આ માટે તમામ દેશો પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વને માન્યતા આપે તે જરૂરી છે. આ માટે, એક વાસ્તવિક ભાગીદારી બનાવવી જોઈએ, અને એકતરફી એજન્ડાને અનુસરવું જોઈએ નહીં. હકીકતમાં, ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામા આતંકવાદી હુમલા પછી, ભારતે પાકિસ્તાનના બાલાકોટમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી તાલીમ કેમ્પ પર હવાઈ હુમલો કર્યો હતો. ત્યારથી ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં તણાવ છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ, ભારતે જમ્મુ અને કાશ્મીરમાંથી આર્ટીકલ ૩૭૦ દૂર કરી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યું. આ પછી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ વણસી ગયા. આર્ટીકલ ૩૭૦ હટાવ્યા બાદ પાકિસ્તાને ભારત સાથેના રાજદ્વારી સંબંધો ઓછા કર્યા છે.

### SCO સમિટમાં ડો. જયશંકરના નિવેદનના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ

- આપણે મુશ્કેલ સમયમાં મળી રહ્યા છીએ, જ્યારે બે મોટા સંઘર્ષો ચાલી રહ્યા છે.
- કોરોના રોગચાળાએ વિકાસશીલ વિશ્વને તબાહ કરી નાખ્યું છે.
- SCOનો ઉદ્દેશ્ય પરસ્પર વિશ્વાસ, મિત્રતા અને સારા પાડોશીને મજબૂત કરવાનો છે.
- SCOના મુખ્ય ત્રણ પડકારો આતંકવાદ, અલગતાવાદ અને Extremism સામે લડવાના છે.
- જો વિશ્વાસનો અભાવ અથવા અયોગ્ય સહકાર અથવા સારા પાડોશીઓનો અભાવ હોય, તો આત્મનિરીક્ષણની જરૂર છે.
- વિશ્વ બહુધ્રુવીયતા તરફ આગળ વધી રહ્યું છે.
- સહકાર પરસ્પર સન્માન પર આધાર રાખે છે.
- આપણા સહકારમાં આવતા અવરોધોને ઓળખવાની જરૂરિયાત.
- ઈશારોમાં ચીનનો પણ ઉલ્લેખ કર્યો.

### ન્યૂઝ બ્રિફ

#### દિલ્હીથી બેંગલુરુ જઈ રહેલી ફ્લાઈટમાં બોંબની ધમકી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ |

દિલ્હીથી બેંગલુરુ જઈ રહેલી અકાસા એરની ફ્લાઈટમાં આજે બુધવારે બોંબની ધમકી મળી છે. ફ્લાઈટમાં બોંબ હોવાનું સિક્યોરિટી એલર્ટ મળ્યા બાદ ફ્લાઈટને IGI એરપોર્ટ પર પરત લેન્ડ કરવામાં આવી હતી. ફ્લાઈટને એક અલગ આઈસોલેશન બેમાં રાખવામાં આવી છે. મુસાફરો અને ક્રૂની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ, ફ્લાઈટમાં બોંબ હોવાની માહિતી બપોરે ૧.૧૫ વાગ્યે મળી હતી. ફ્લાઈટમાં કુલ ૧૮૪ લોકો સવાર હતા. લેન્ડિંગ બાદ ફ્લાઈટની તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે, દિલ્હીથી બેંગલુરુ જઈ રહેલા અકાસા એર પ્લેનમાં બોંબની ધમકી સંબંધિત સુરક્ષા ચેતવણી મળી હતી.

#### નાઈજીરિયામાં ફ્યૂલ ટેન્કરમાં વિસ્ફોટ : ૯૪ લોકો જીવતા ભૂંજાયા

| (એજન્સી) નાઈજીરિયા, તા.૧૬ |

નાઈજીરિયામાં એક ફ્યૂલ ટેક્રર અધવચ્ચે દુર્ઘટના ગ્રસ્ત થઈ ગયું અને ત્યારબાદ તેમાંથી ફ્યૂલ કાઢવા માટે લોકોની ભીડ ભેગી થઈ. મોટી સંખ્યામાં લોકો ટેન્કરમાંથી ફ્યૂલ કાઢવા લાગ્યા ત્યારે જ તે સમયે અચાનક ટેન્કરમાં જોરદાર વિસ્ફોટ થયો. આ વિસ્ફોટમાં ૯૪ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટના ઉત્તરી નાઈજીરિયાના જિગાવા રાજ્યમાં ઘટી. આ ઘટના અંગે સ્થાનિક પોલીસે સીએનએન ન્યૂઝને જાણકારી આપી. આ ઘટના સ્થાનિક સમય મુજબ મંગળવારે મોડી સાંજે ઘટી. આ ધડાકામાં અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં શોકનો માહોલ છે.

રવિન્દ્ર રૈનાને હરાવનારા સુરિન્દર સિંહ ચૌધરી ડેપ્યુટી CM

## ઓમર અબ્દુલ્લાએ લીધા મુખ્યમંત્રી પદના શપથ

શપથ ગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અને અખિલેશ યાદવ અનેક દિગ્ગજ નેતાઓ સામેલ થયા



| (એજન્સી) જમ્મુ, તા.૧૬ |

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને હવે નવા સીએમ મળી ગયા છે. ઓમર અબ્દુલ્લાએ આજે રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યને પૂરા ૧૦ વર્ષ બાદ નવા મુખ્યમંત્રી મળ્યા છે. તેમના શપથ ગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અને અખિલેશ યાદવ સહિત ઈન્ડિયા બ્લોકના અનેક દિગ્ગજ નેતાઓ સામેલ થયા. આ સાથે જ જમ્મુ અને કાશ્મીરની નવી અબ્દુલ્લા કેબિનેટમાં વિધાયક મંત્રીઓએ પણ શપથ લીધા. અત્રે જણાવવાનું કોંગ્રેસે પહેલેથી સ્પષ્ટ કરી દીધુ હતું કે તેમના કોઈ વિધાયક આજે કેબિનેટની શપથ લેશે નહીં. આ સમારોહ શેર એ કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં યોજાયો. આજે મંત્રી તરીકે સતીષ શર્મા, સકીના ઈટુ, જાવેદ ડાર, સુરિન્દર ચૌધરી, જાવેદ રાણા અને જાવેદ ડારે પણ શપથ લીધા. ભાજપના નેતા રવિન્દ્ર રૈનાને ચૂંટણીમાં હરાવનારા સુરેન્દર ચૌધરી રાજ્યના ડેપ્યુટી સીએમ બન્યા છે. અત્રે જણાવવાનું કે જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ જેમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ ગઠબંધને જીત મેળવી. ૯૦ સીટોમાંથી નેશનલ કોન્ફરન્સને ૪૨ સીટ અને કોંગ્રેસને ૬ સીટ મળી. જ્યારે ભાજપને ૨૯ બેઠકો પર જીત મળી. મહેબૂબા મુફતીની પીડીપીએ આ ચૂંટણીમાં દાટ વાળ્યો.



### મુખ્યમંત્રી બનતા જ ઓમર અબ્દુલ્લાએ લીધો મોટો નિર્ણય

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઓમર અબ્દુલ્લા કેન્દ્ર શાસિત પ્રદેશના નવા સીએમ બન્યા છે. તેમણે આજે શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC) ખાતે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. તેમની સાથે ૫ વધુ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. ઓમર અબ્દુલ્લાએ મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ પહેલો નિર્ણય લીધો છે. ઓમર અબ્દુલ્લાએ તેમનો કાફલો રસ્તા પરથી પસાર થાય ત્યારે ગ્રીન કોરિડોર ન બનાવવા સૂચના આપી છે. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ટ્વીટ કર્યું, "મેં જમ્મુ અને કાશ્મીર પોલીસના મહાનિર્દેશક સાથે વાત કરી છે કે જ્યારે હું રોડ માર્ગે ક્યાંય પણ જાઉં ત્યારે કોઈ 'ગ્રીન કોરિડોર' ન બનાવવો જોઈએ કે ક્યાંય પણ ટ્રાફિકને રોકવો જોઈએ નહીં. મેં તેમને જાહેર અસુવિધા ઘટાડવા અને સાયરનનો ન્યૂનતમ ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે." સીએમએ આગળ લખ્યું, "કોઈપણ પ્રકારની લાકડી હલાવવા અથવા આક્રમક હાવભાવ સંપૂર્ણપણે ટાળવા જોઈએ. હું મારા કેબિનેટ સાથીદારોને દરેક બાબતમાં સમાન ઉદાહરણને અનુસરવાનું કહી રહ્યો છું.

બિહારમાં ફરી એકવાર ઝેરી દારૂએ હંગામો મચાવ્યો

## બિહારના સિવાન જિલ્લામાં લઠ્ઠાકાંડ : સાત લોકોના મોત

### ૧૨થી વધુની સારવાર સદર હોસ્પિટલમાં ચાલી રહી છે

### પ્રશાસને હજુ ઝેરી દારૂના કારણે મોતની પુષ્ટિ કરી નથી

| (એજન્સી) પટણા, તા.૧૬ |

દારૂ પ્રતિબંધિત બિહારમાં ફરી એકવાર ઝેરી દારૂએ હંગામો મચાવ્યો છે. તાજેતરનો કેસ બિહારના સિવાન જિલ્લામાં લઠ્ઠાકાંડ થયો છે. જિલ્લાના ભગવાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના મગહર ગામમાં ઝેરી દારૂ પીવાથી સાત લોકોના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. જ્યારે ૧૨થી વધુ લોકો બીમાર છે. જેની સારવાર સદર હોસ્પિટલમાં ચાલી રહી છે. જોકે, પ્રશાસને હજુ સુધી ઝેરી દારૂના કારણે મોતની પુષ્ટિ કરી નથી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં સાત લોકોના મૃત્યુ થયા છે. જેમાં કૌરિયા વૈશ્ય ટોલાના અરવિંદ સિંહ (૪૦ વર્ષ) અને રામેન્દ્ર સિંહ (૩૦ વર્ષ), મગહર પોખરાના સંતોષ મહતો (૩૫ વર્ષ) અને મુન્ના (૩૨) અન્ય મૃતકોમાં વિલાસપુર અને સરસૈયાના ગ્રામજનોનો સમાવેશ થાય છે. આ ઘટના મંગળવારે મોડી રાત્રે બની હોવાનું કહેવાય છે. પોલીસના ડરને કારણે ગ્રામજનોનું કહેવું છે કે પરિવારના સભ્યોએ રાત્રે જ કૌરિયા વૈશ્ય ટોલાના અરવિંદ સિંહના અંતિમ સંસ્કાર કર્યા હતા.

દારૂ પીધેલા બે લોકોને આંખોની રોશની ગુમાવવાની ફરિયાદના આધારે સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભગવાનપુર પોલીસ સ્ટેશને માહિતી આપી હતી કે મગહરના રહેવાસી રામ રામ, વિશુન દેવ રાયના પુત્ર પ્રનાથ રામ, લુટાવન રામના પુત્ર પ્રનાથ રામ, ગંગા સાહના પુત્ર મોહન સાહ અને સજ્જન સાહના પુત્ર શૈલ સાહની તબિયત દારૂ પીવાના કારણે બગડી રહી છે. દારૂ વેચનાર પ્રભુનાથ રામની હાલત પણ ચિંતાજનક હોવાનું કહેવાય છે. મોહન સાહની સ્થિતિ નાજુક હોવાને કારણે ડોક્ટરોએ તેમને પીએમસીએચ પટનામાં રીફર કર્યા હતા. અહીં પોલીસ પ્રશાસને સદર હોસ્પિટલને છાવણીમાં ફેરવી દીધી છે અને કોઈ પણ મીડિયા વ્યક્તિને અંદર પ્રવેશવા દેતા નથી. ઘટનાની જાણકારી મળતા જ ડીએમ-એસપી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સદરના એસડીઓ સુનિલ કુમાર, એસડીપીઓ અજય કુમાર સિંહ, સીએસ ડૉ. શ્રીનિવાસ પ્રસાદ, અધિક્ષક અનિલ કુમાર સિંહ અને સિટી ઈન્સ્પેક્ટર સુદર્શન રામ સદર હોસ્પિટલ પહોંચ્યા છે. જિલ્લા વહીવટીતંત્રે સદર હોસ્પિટલમાં મીડિયાના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. બીજી તરફ છપરાના મશરકના બ્રાહીમપુરમાં ઝેરી દારૂ પીવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. જ્યારે બે લોકો બીમાર છે. બંનેને સદર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. જ્યાં સારવાર ચાલી રહી છે.

## કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરાયો

### કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારાને મંજૂરી આપવામાં આવી હતી : કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૪ને પણ મંજૂરી મળી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ |

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓને દિવાળીની મોટી ભેટ મળી હતી. સૂત્રના મતે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભથ્થામાં વધારાને મંજૂરી આપી છે. કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૪ને પણ મંજૂરી મળી હતી. ૨૦૨૫-૨૬ માટે રવિ પાક માટેની MSPને મંજૂરી અપાઈ છે.કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓને દિવાળીની મોટી ભેટ મળી હતી. સૂત્રના મતે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભથ્થામાં વધારાને મંજૂરી આપી છે. કોસ્ટલ શિપિંગબિલ૨૦૨૪નેપણમંજૂરીમળીહતી.



૨૦૨૫-૨૬ માટે રવિ પાક માટેની MSPને મંજૂરી અપાઈ છે. ધનતેરસ અને દિવાળીના તહેવાર પહેલા જ મોદી સરકારે દેશના કરોડો કર્મચારીઓને ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે બુધવારે ડીએ જાહેર કરવાના નિર્ણયને મંજૂરી આપી હતી. જો કે કેન્દ્રીય કેબિનેટે આ નિર્ણય કેન્દ્રીય કર્મચારીઓ માટે લીધો છે, પરંતુ કેન્દ્ર તરફથી લીલી ઝંડી મળતાની સાથે જ દેશના તમામ રાજ્યોમાં પણ ડીએ વધારાની જાહેરાત કરવામાં આવશે. ડીએમાં ૩ ટકાનો વધારો કરવાની સાથે કેન્દ્રીય કેબિનેટે કર્મચારીઓને ત્રણ મહિનાનું એરિયર્સ આપવાની પણ જાહેરાત કરી છે.

નોંધનીય છે કે કેન્દ્ર સરકાર દર વર્ષે જાન્યુઆરી અને જૂલાઈમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)માં વધારો કરે છે. આ વર્ષે એટલે કે ૨૦૨૪માં પણ જાન્યુઆરીમાં ડીએમાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે જૂલાઈ માટે ડીએ વધારવાનો નિર્ણય આજે મળેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ જ કારણ છે કે મોંઘવારી ભથ્થામાં આ ૩ ટકાનો વધારો જૂલાઈથી જ લાગુ ગણવામાં આવશે. આ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાનું એરિયર્સ પણ કર્મચારીઓને આપવામાં આવશે. નોંધનીય છે કે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું તેમના મૂળ પગારના આધારે નક્કી કરવામાં આવે છે. ધારો કે જો કોઈ કર્મચારીનો બેસિક પગાર ૪૦ હજાર રૂપિયા છે અને તેના ડીએમાં ૩ ટકાનો વધારો કરવામાં આવે છે તો તેના પગારમાં ૧,૨૦૦ રૂપિયાનો વધારો થશે. આ રીતે જો બેસિક પગાર, મોંઘવારી ભથ્થું અને હાઉસિંગ ભથ્થું એટલે કે HRA ઉમેરતા પહેલા તેમનો પગાર ૬૦ હજાર રૂપિયા હતો તો હવે તે ૬૦,૧૨૦૦ રૂપિયા થઈ જશે. જો ડીએમાં વધારો જૂલાઈથી જ લાગુ માનવામાં આવશે તો ઓક્ટોબર સહિત તે કુલ ૪ મહિનાનો હશે. આ રીતે, ઓક્ટોબરમાં કર્મચારીઓને અત્યાર સુધીમાં મળી રહેલા કુલ પગારમાંથી લગભગ ૪૮૦૦ રૂપિયાનો વધારો મળશે.

પરાળ સળગાવવા મુદ્દે પોતાની નારાજગી વ્યક્ત કરી

## સુપ્રીમે પંજાબ અને હરિયાણા સરકારને ફટકાર લગાવી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ |

બુધવારે પરાળ સળગાવવા મુદ્દે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણા સરકારને ફટકાર લગાવી છે અને પ્રશ્ન પૂછ્યો કે, પરાળ સળગાવવાના મુદ્દે કાર્યવાહી કરતાં તમને કોણ રોકી રહ્યું છે? નામ આપો, અમે કોર્ટમાં બોલાવીશું. કોર્ટે બંને રાજ્યોના મુખ્ય સચિવોને આગામી બુધવારે એટલે કે ૨૩ ઓક્ટોબર રૂબરૂ હાજર રહેવા કહ્યું છે. આ સિવાય કોર્ટે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)ને બંને રાજ્યોના જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટ તેના આદેશો અને CAQM દ્વારા સમયાંતરે જારી કરવામાં આવેલા નિર્દેશોનું પાલન ન કરવા પર નારાજ થઈ હતી. કોર્ટે પંજાબના એડવોકેટ જનરલને કહ્યું કે, "જો મુખ્ય સચિવ કોઈના કહેવા પર કાર્યવાહી નથી કરી રહ્યા, તો તેમનું નામ આપો. અમે તેમને પણ કોર્ટમાં બોલાવીશું. કોર્ટે વધુમાં કહ્યું કે, ISRO તમને પરાળ સળગાવવાની રિયલ ટાઈમ માહિતી આપે છે, પરંતુ તમારા અધિકારીઓ એવું લખી નાખે છે કે, તેઓને તે જગ્યાએ આવું કંઈ જોવા મળતું નથી. માત્ર દેખાડો કરવા માટે દંડ ફટકારે છે.

### સમગ્ર ઘટના સીસીટીવીમાં થઈ કેદ

# સુરતમાં બેફામ ટ્રક ચાલકે સાઇકલ સવાર વૃદ્ધને અડફેટે લેતા મૃત્યુ

### ટ્રકના ટાયર વૃદ્ધ પર ફરી વળતા શરીરના ટુકડા થઈ ગયા હતા : પોલીસ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે





**। (એજન્સી) સુરત, તા.૧૬ ।**

રાજ્યમાં અકસ્માતોની ઘટના દિવસે અને દિવસે વધી રહી છે. તેવામાં તાજેતરમાં ઓવરસ્પીડને કારણે તેમજ નશાની હાલતમાં ડ્રાઈવરો બેફામ ચલાવતા અકસ્માત વધી રહ્યા છે. તેવો જ એક વધુ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતમાં ઉન પાટીયા ચાર રસ્તા પર સાયકલ સવાર વૃદ્ધને પૂરપાટ ઝડપે આવતા ટ્રકચાલકે ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો. ટ્રકના ટાયર વૃદ્ધ પર ફરી વળતા શરીરના ટુકડા થઈ ગયા હતા. આ સમગ્ર અકસ્માતના સીસીટીવી પણ સામે આવ્યાં છે. પોલીસ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. સુરતમાં ફરી એકવાર ગોઝારા અકસ્માતની ઘટના બની છે. સુરતના ઉન પાટીયા ચાર રસ્તા પર ૬૫ વર્ષીય વૃદ્ધ સાયકલ પર સવાર હતા અને રસ્તો ક્રોસ કરવા જતાં હતા તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલી કાળરૂપી ટ્રકે ટક્કર મારી કચડી નાખ્યા હતા. ત્યારબાદ ટ્રકના આગળના ટાયર સહિત સાત જેટલા ટાયર તેમના પરથી ફરી વળતાં શરીરના ટુકડા થઈ ગયા હતા. અને વૃદ્ધનું ઘટના સાથળે જ મૃત્યુ નીપજયું હતું. અકસ્માતની આ ઘટનાને જોઈને આસપાસથી લોકો દોડી આવ્યા હતા. વૃદ્ધના શરીરના ટુકડાઓ જોઈને લોકોમાં પણ અરેરાટી ફેલાઈ ગઈ હતી.

ભેસ્તાન વિસ્તારમાં આવેલી વૃંદાવન ટાઉનશીપ ખાતે ૬૫ વર્ષીય પ્રભાકર પરિવાર સાથે રહે છે. વૃદ્ધ પ્રભાકર સાયકલ પર ખમણ વેચીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હતા. વૃદ્ધ રોજ સાયકલ પર ખમણ વેચવા માટે આસપાસના વિસ્તારમાં જતા હતા. ગતરોજ સવારે વૃદ્ધ સાયકલ લઈને ઊન પાટિયા નજીક ખમણ વેચવા માટે ગયા હતા. ભેસ્તાનથી ઉન પાટીયા ચાર રસ્તા પર પહોંચ્યાં હતાં ત્યારબાદ આ અકસ્માત સર્જાયો હતો. વૃદ્ધના ટુકડાઓને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ તો આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. આ સાથે જ આ મામલે પોલીસ દ્વારા અકસ્માતનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગીર સોમનાથ : વેરાવળ, સુત્રાપાડામાં ગાજવીજ સાથે વરસાદ







સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા, લોઢવા, વાવડી સહિતના ગામોમાં વરસાદ.

# સુરત શહેરમાંથી રૂપિયા ૧૦૦ કરોડથી વધુનું હવાલા કૌભાડ

**। (એજન્સી) સુરત, તા ૧૬ ।**

સુરત SOGએ શહેરમાંથી રૂપિયા ૧૦૦ કરોડથી વધુનુ હવાલા કૌભાડ ઝડપી પાડ્યું છે. સુરત શહેર SOG એ હાથ ધરેલ તપાસમાં, સમગ્ર કૌભાડ દુબઈ ખાતેથી ચલાવવામાં આવતું હોવાનું ખુલ્યું છે. મૂળ અમદાવાદનો પરંતુ દુબઈ સ્થિત મહેશ દેસાઈ નામનો વ્યક્તિ આ કૌભાડ ચલાવતો હોવાનું ખુલ્યું છે. પાકિસ્તાન, ચીન, દુબઈ, અફધાનિસ્તાન દેશો મારફતે રૂપિયાની હેરાફેરી કરવામાં આવી રહી હતી. બે વર્ષમાં બેક ખાતામાંથી ૧૦૦ કરોડનું ટ્રાન્જેક્શન મળી આવ્યું. સુરત શહેર SOGએ કરેલ તપાસમાં, ૮ સેવિંગ પાસ બુક, ૨૯ ચેક બુક, ૨ કરન્ટ એકાઉન્ટ પાસબુક, ૩૮ ડેબિટ કાર્ડ, ૪૯૭ સિમ કાર્ડ, ૭ મોબાઈલ અને ૧૬ લાખ રોકડ મળી આવ્યા છે. સુરતમાં હવાલા કૌભાડનો મુખ્ય સૂત્રધાર મકબુલ ડોકટર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. દુબઈથી મહેશ સુરત ખાતે આંગડિયા મારફત રૂપિયા મોકલતો હતો. તે રૂપિયા માંથી USDT ખરીદી અલગ અલગ દેશમાં મોકલાતા હતા. આખું રેકેટ બે રીતે ચાલતું હતું. જેમાં રોકડ રકમ દુબઈથી આવે તે આ USDT ખરીદતા હતા અને અહીંયા જેને જરૂર હોય તેની પાસેથી રોકડ રકમ લઈને USDT આપતા હતા. સુરત શહેર SOGએ કરેલ તપાસમાં એવુ પણ સામે આવ્યું છે કે, હવાલા કૌભાડમાં ૨૮ જેટલા એકાઉન્ટનો સાયબર ફ્રોડ માટે ઉપયોગ થયો છે. સુરતની ૮ આંગડિયા પેઢીના નામો પણ સામે આવ્યા છે. આંગડિયા પેઢીમાં પણ પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.

### કામદારોની સલામતી મુદ્દે સરકાર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવે

# સલામતીના કાયદા માત્ર કાગળ પર ૨ વર્ષમાં ૨૨૭ બાંધકામ શ્રમિકોનાં મૃત્યુ

### સૌથી વધુ મૃત્યુ ચાલુ કામ દરમિયાન ઉપરથી નીચે પડવાથી અને ભેખડ ધસી પડવાના કારણે થઇ રહ્યા છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।**

કડી તાલુકાના જાસલપુર ગામમાં બાંધકામ દરમિયાન મૃત્યુ પામેલા ૯ શ્રમિકોના મૃત્યુ બાદ કામના સ્થળે બાંધકામ કામદારોની સલામતી મુદ્દે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવા અને દુર્ઘટના માટે જવાબદાર માલિક અને બેજવાબદારી માટે અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવાની બાંધકામ મજદૂર સંગઠનોના અગ્રણીઓએ માગણી કરી છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં કુલ ૨૨૭ બાંધકામ શ્રમિકોના મૃત્યુ થયા છે ત્યારે સરકારી વિભાગ આ મામલે સાઈટ ઉપર સુરક્ષાને લગતું ચેકિંગ વધારે તેવી માગ પણ કરાઈ છે. બાંધકામ શ્રમિક સંકલન સમિતિ દ્વારા જિલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સંબોધીને અપાયેલા આવેદન પત્રમાં તાજેતરમાં બાંધકામ સાઈટ ઉપર બેદરકારીથી શ્રમિકો ઉપર જોખમ વધી રહ્યું હોવાનું જણાવાયું હતું. બે વર્ષ પૂર્વે અમદાવાદમાં ગુલબાઈ ટેકરામાં બાંધકામ સાઈટ ઉપર અકસ્માતમાં ૭ના મૃત્યુ પછી જાસલપુરમાં ૯ કામદારોના મૃત્યુ થયા છે. ૨૦૨૨માં ગુજરાતમાં ૧૧૯ અને અમદાવાદમાં ૫૫ તેમજ ૨૦૨૩માં ગુજરાતમાં ૧૦૮ અને અમદાવાદમાં ૩૦ કામદારો અકસ્માતે મૃત્યુ પામ્યાની અધિકૃત માહિતી છે. સૌથી વધુ મૃત્યુ ચાલુ કામ દરમિયાન ઉપરથી નીચે પડવાથી અને ભેખડ ધસી પડવાના કારણે થઈ રહ્યા છે. ૨૦૦૮થી ૨૦૨૩ સુધીમાં ગુજરાતમાં ૧૫૦૦થી વધુ શ્રમિકોએ જીવ ગૂમાવ્યા હોવાનું પણ આવેદનમાં જણાવાયું છે. રાજ્યમાં સ્થળાંતરિત આદિવાસી બાંધકામ કામદારો અસલામત સ્થિતિ વચ્ચે કામ કરી રહ્યા હોવાનું કહેતા સમિતિના સંયોજક વિપુલ પંડ્યાએ જણાવ્યું હતું કે પરિવાર માટે વળતરની જાહેરાત થાય અને ફોજદારી કેસ દાખલ કરાય પછી બધુ ભૂલી જવાતું હોય છે. જીડીસીઆર-૨૦૨૧ મુજબ ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર જ્યારે બાંધકામની રજા ચિઠ્ઠી આપે ત્યારે સાવચેતી રાખવાની લેખિત બાંહેધરી બિલ્ડર કે ઓનર-ડેવલપર્સ પાસેથી મેળવતા હોય છે. કામદારોની સુરક્ષા સહિતની બાબતોના પાલન માટે સિવિલ એન્જીનીયરીંગની ડિગ્રી મેળવેલા ૧૪ નિરીક્ષકની નિમણૂક કરાઈ છે.

### વડોદરામાં મગરનો ત્રાસ યથાવત

# વડોદરામા ધોળા દિવસે ૧૦ ફૂટના મગરે રોડ પર જમાવ્યો અડિંગો

**। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।**

વડોદરામાં મગરનો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે. શહેરમાં ફરી મહાકાય મગર નીકળ્યો હતો. લાલબાગ બ્રિજ પાસેથી વધુ એક મગરનું રેસ્ક્યૂ કરાયું છે. ધોળા દિવસે મગરે રોડ પર અડિંગો જમાવ્યો હતો. જીવ દયા પ્રેમી સંસ્થાના કાર્યકરોએ મગરનું રેસ્કયૂ કર્યું હતું. મહામુસીબતે મગર પાંજરે પુરાયો હતો. ૧૦ ફૂટના મગરને મહામહેનતે રેસ્ક્યૂ કરાયો હતો.ગઈકાલે વિશ્વામિત્રી નદીમાં મગર મહિલાને ખેંચી ગયો હોવાની ઘટના સામે આવી હતી. મગરના હુમલાનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો હતો. જ્યાં મગર મહિલાના મૃતદેહને પકડીને બેસી રહ્યો હતો. આ ઘટના કાલાઘોડા વિશ્વામિત્રી બ્રિજ પાસે વહેલી સવારે બની હતી. લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયરના જવાનો સ્થળ પર દોડી આવ્યાં હતા. ફાયરના જવાનોએ મગરના જડબામાંથી મહિલાના મૃતદેહને છોડાવી બહાર કાઢ્યો હતો. નોંધનીય છે કે, હાલમાં જ ચોમાસાની સિઝન દરમિયાન વડોદરાની વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું. પૂર આવતાં શહેરમાં વિશ્વામિત્રી નદીના પાણી ફરી વળ્યા હતા. તેની સાથે સૌથી ચિંતાજનક બાબત તે જોવા મળી હતી કે, શહેરમાં પ્રવેશેલા પાણી સાથે વિશ્વામિત્રી નદીના મગરો પણ રહેણાક વિસ્તારોમાં ઘૂસી ગયા હતા. આ દરમિયાન ઘણી એવી ઘટના સામે આવી હતી જ્યાં ઘરોની બહાર કે રસ્તા પર મગરો જોવા મળ્યા હતા. જેના કારણે લોકોમાં ભયનો માહોલ પણ હતો.

# કંડલાની એગ્રોટેક કંપનીમાં સર્જાઇ મોટી દુર્ઘટના સર્જાઇ

**। (એજન્સી) કચ્છ, તા.૧૬ ।**

ગુજરાતમાં કામ કરાવતી કંપનીઓ કર્મચારીઓને ક્યાં તો પૂરતી તાલીમ આપતી નથી અથવા તો કર્મચારીઓની સલામતીઓને લગતા પાસાને લઈને અત્યંત બેદરકાર જોવા મળે છે. આંતરે દિવસે કંપનીઓની ઔદ્યોગિક દુર્ઘટના આવતી જોવા મળે છે. ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. કંડલામાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં એગ્રોટેક કંપનીમાં દુર્ઘટના સર્જાઈ છે. વેસ્ટ પ્રવાહીની ટાંકી સાફ કરતી વખતે પાંચ શ્રમિકોના મૃત્યુ થયા છે. આ દુર્ઘટના મોડી રાતે બની હોવાનું કહેવાય છે. વેસ્ટ પ્રવાહીની ટેક્રમાં સફાઈ વખતે રાતે આ દુર્ઘટના સર્જાઈ હોવાની જાણકારી મળી રહી છે. તમામના મૃતદેહોને પીએમ માટે રામબાગ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કચ્છના કંડલાની કંડલા બંદર નજીક આવેલી ઈમામી એગ્રોટેક કંપનીમાં મંગળવારે (૧૫ ઓક્ટોબર) રાત્રીના ૧૨.૩૦ કલાકે મોટી દુર્ઘટના થઈ છે. આ મામલે કંડલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અગાઉ પણ ટાંકી સાફ કરતા સમયે શ્રમિકોના મૃત્યુ થયા હતા. ત્યારે આવી જ વધુ એક ઘટના બનતા શ્રમિકોની સેફટી પર પણ સવાલો ઉભા થયા છે. મૃતકોમાં સુપરવલાઈઝર સહિત ટેક્ર ઓપરેટર અને ત્રણ હેલ્પરનો સમાવેશ થાય છે. આ ઘટનામાં મૃત્યુ પામનારમાં સિદ્ધાર્થ તિવારી, અજમત ખાન, આશિષ ગુપ્તા, આશિષ કુમાર અને સંજય ઠાકોર નામના કામદારોનું કેમિકલ ટાંકામાં ગેસ ગળતરથી મૃત્યુ નીપજ્યું હતુ.

### ફોરવિલ અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત : બેના મોત

**। (એજન્સી) અમરેલી, તા.૧૬ ।**

ભાવનગર-સોમનાથ હાઈવે પર ફોરવિલ અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં બે વ્યક્તિનાના મોત થયા છે. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી. રાજુલા નજીક ચાર નાળા પર બની અકસ્માતની ગંભીર ઘટના સર્જાઈ છે. જેમાં મોટરસાયકલ સવાર પુલ પરથી નીચે ૫૦ ફૂટ સર્વિસ રોડ પર પટકાતા બે ના મોત થયા. અકસ્માતની ઘટના સર્જાતા લોકોના ટોળે-ટોળા હાઈવે પર એકત્રિત થયા. રાજુલા તેમજ નાગેશ્રીની ૧૦૮ મારફત બંનેને રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા.

## વિશેષ

### માંડવી તાલુકાના વાંકલા ગામના આદિવાસી ખેડૂતને મંડપ સહાયથી ખેતીમાં નવી રાહત


# વાંકલા ગામના આદિવાસી ખેડુત અશ્વિનભાઇ ચૌધરીએ વેલાવાળા શાકભાજી માટે મંડપ સાધન સહાય યોજનો લાભ મેળવ્યો

### "સરકારની સહાયથી મંડપ બાંધ્યા બાદ ટીંડોળાની ખેતીમાં ઉત્પન્ન મોલ વધુ મળ્યો, અને બજારમાં સારી કિંમત પણ મળી.": જૈવિક પદ્ધતિથી ખેતી

**। (માહિતી) ગાંધીનગર ।**

આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આદિવાસી ખેડૂતોના ખેત ઉત્પાદનમાં વધારો થાય અને તેઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને તે માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવી શકે તેવા હેતુસર ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા શાકભાજી માટે મંડપ બનાવવા સહાય આપવામાં આવે છે. સુરત જિલ્લાના માંડવી તાલુકાના વાંકલા ગામના આદિવાસી ખેડૂત અશ્વિનભાઈ ચૌધરીએ આ સહાય યોજનાનો લાભ લીધો છે, જેના કારણે હવે તેમની ખેતી વધુ સુગમ બની છે. શાકભાજીના મંડપ સહાયના લાભાર્થી અશ્વિનભાઈ ચૌધરીના પુત્ર અનિકેતભાઈ ચૌધરીએ જણાવ્યું કે, "અમારો પરિવાર પેઢીદર પેઢી ખેતી સાથે સંકળાયેલો છે અને ખેત ઉત્પાદન જ ગુજરાનનું મુખ્ય સાધન છે. હાલ અમે ગાયના છાણનો ખાતર તરીકે ઉપયોગ કરીને શાકભાજીની જૈવિક ખેતી કરી રહ્યા છીએ, જેનાથી સારી આવક થાય છે." વધુમાં તેમણે કહ્યું કે, માંડવી પ્રયોજના કચેરીએથી વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય યોજના વિશે જાણકારી મળી. પાકમાં વધારો થાય તેવા આશયથી ઓનલાઈન ફોર્મ ભર્યું.જેથી ટુંક જ સમયમાં મંડપ બનાવવા માટે પ્રથમ હપ્તે રૂ.૮,૭૩૬ પ્રાપ્ત થયા, જેના આધારે મંડપ તૈયાર કરીને ટીંડોરાની ખેતી શરૂ કરી.ત્યારબાદ થોડા સમયમાં બીજા હપ્તે રૂ.૨૯૧૨ અને ત્રીજો હપ્તે રૂ.૨૯૧૨ મળી કુલ રૂ.૧૪,૫૬૦ પ્રાપ્ત થયા. અનિકેતભાઈએ વધુમાં જણાવ્યું કે, "મંડપ વિના અમારે નરમ શાકભાજી, જેમ કે ટીંડોળા અથવા કોળા જેવી ખેતી કરવી મુશ્કેલ હતી. હવામાન પરિવર્તન અને અતિશય તાપમાનને કારણે પાક ઓછો થતો અને ક્યારેક નુકસાન પણ થતાં.પણ હવે મંડપથી પાકનું રક્ષણ થાય છે, અને તેનું ઉત્પાદન વિપુલ માત્રામાં વધી રહ્યું છે. સરકારની સહાયથી મંડપ બાંધ્યા બાદ ટીંડોળાની ખેતીમાં ઉત્પન્ન મોલ વધુ મળ્યો, અને બજારમાં સારી કિંમત પણ મળી." અનિવાર્ય અડચણો બાદ આદિવાસી ખેડુતો માટે આવી યોજનાઓ જીવનમાં મોટું બદલાવ લાવી રહી છે. અશ્વિનભાઈના પરિવાર માટે આ યોજના એક નવી આશા બની છે, જેનાથી તેઓને ખેતી વ્યવસાય વધુ ફળદાયી લાગ્યો છે.તેમનો પરિવાર કહે છે કે, "હવે અમારું લક્ષ્ય વધુ પ્રકારની શાકભાજીની ખેતી કરી વ્યાપાર વિસ્તૃત કરવાનો છે".





લાભાર્થી અશ્વિનભાઇ ચૌધરી

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



### રજનીકાંતના ઘરમાં ઘૂસ્યું પાણી

# ચેન્નઇમાં સતત બીજા દિવસે વરસાદનો કહેર, સ્કૂલ-કોલેજો બંધ, શહેરના ઘણાં વિસ્તારોમાં પાણી ભરાયા

। (એજન્સી) ચેન્નઇ, તા.૧૬ ।

ચેન્નઈમાં મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. ગઈકાલ સવારથી પડી રહેલો વરસાદ સતત વરસી રહ્યો છે. અમુક વિસ્તારોમાં ઘૂંટણસમા તો અમુક વિસ્તારોમાં કેડસમા પાણી ભરાઈ ગયા છે. મેડલી સબવે અને મામ્બલમ વિસ્તાર સહિત શહેરના ઘણાં વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.રસ્તાઓ અને ધોરીમાર્ગો પર પાણી ભરાવાથી બસો અને લોકલ ટ્રેનો સહિત જાહેર પરિવહન માટે સમસ્યા સર્જાઈ છે. ઘણાં વિસ્તારોમાં વીજળી ગુલ થઈ જતાં અંધકાર છવાયો છે. હવામાન વિભાગે ૧૭ અને ૧૮ ઓક્ટોબરે રાજ્યના અનેક ભાગમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે અને ભારે વરસાદની ચેતવણી આપી છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને અને નાયબ મુખ્યમંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા કરી છે. વરસાદની સ્થિતિ અંગે ઉદયનિધિ સ્ટાલિને મંગળવારે જણાવ્યું હતું કે, ‘છેલ્લા ૨૪ કલાકમાં ચેન્નાઈમાં લગભગ ૫ સે.મી. સરેરાશ વરસાદ નોંધવામાં આવ્યો છે. પરિસ્થિતિ મોટાભાગે નિયંત્રણમાં છે. સૌથી વધુ વરસાદ શોલિંગનલ્લુર અને તેયનામપેટમાં છે. લગભગ ૬ સેમી જેટલો વરસાદ તેયનામપેટમાં નોંધાયો છે. ચેન્નઈના કોઈપણ વિસ્તારમાં પાવર કટ નથી.’ ભારે વરસાદના કારણે આઠથી વધુ વૃક્ષો પડી ગયા છે. NDRF અને SDRFની ૨૬ ટીમો ચેન્નઈ અને તમામ દરિયાકાંઠાના વિસ્તારોમાં તહેનાત કરવામાં આવી છે.



### અમિત શાહની હાજરીમાં જાહેરાત

# હરિયાણાના મુખ્યમંત્રીપદ માટે નાયબ સિંહ સૈનીના નામની જાહેરાત

। (એજન્સી) હરિયાણા, તા.૧૬ ।

નાયબ સિંહ સૈની હરિયાણાના નવા મુખ્યમંત્રી બનશે. ભારતીય જનતા પાર્ટીની આજે બુધવારે યોજયેલી ધારાસભ્ય દળની બેઠકમાં નાયબ સિંહ સૈનીને વિધાયક દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ હવે રાજ્યપાલને મળશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. નાયબ સિંહ સૈની આજે પંચકુલામાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. આ પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની હાજરીમાં મળેલી વિધાનસભ્ય દળની બેઠકમાં અનિલ વિજ અને મનોહરલાલ ખટ્ટરે ધારાસભ્ય દળના નેતા તરીકે નાયબ સિંહ સૈનીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેને તમામ ધારાસભ્યોએ ટેકો આપ્યો હતો. ભાજપે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવને વિધાનસભા પક્ષની બેઠક માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા. જો કે ધારાસભ્ય દળની બેઠક પહેલા જ નાયબ સિંહના નામને મંજુરી આપવા અંગે જોરદાર ચર્ચા થઈ હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા અખબારોમાં એક જાહેરાત પ્રકાશિત કરવામાં આવી હતી જેમાં PM મોદી અને નાયબ સિંહ સૈનીની તસવીર હતી. અને લોકોને આજે પંચકુલામાં યોજાનારા શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહેવા અપીલ કરવામાં આવી હતી. આ જાહેરાત સંકેત આપી રહી હતી કે, આજે મળનારી વિધાનસભ્ય દળની બેઠકમાં નાયબ સિંહ સૈનીના નામને મંજૂરી આપવામાં આવશે.

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય!

# વીઆઈપીની સુરક્ષા NSG કમાન્ડો હવે નહીં સંભાળે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે કે તમામ વીઆઈપી સિક્યોરિટી ડ્યૂટીથી NSG કમાન્ડોને હટાવી લેવામાં આવે કેમ કે તેમનો ઉપયોગ માત્ર આતંકવાદ વિરોધી અભિયાનો માટે કરવામાં આવશે. જે વીઆઈપી લોકોને ખૂબ વધુ જોખમ છે, તેમની સિક્યોરિટીની કમાન હવે CRPFના હવાલે હશે. આગામી મહિનાથી આદેશ લાગુ થઈ જશે. સંસદની સુરક્ષાથી સેવામુક્ત થયેલા CRPF જવાનોને સ્પેશિયલ ટ્રેનિંગ આપીને તેમને સીઆરપીએફ વીઆઈપી સિક્યોરિટી વિંગમાં મોકલવામાં આવ્યા છે. આ માટે નવી બટાલિયન બનાવવામાં આવી છે. હવે આ જવાન વીઆઈપીની સુરક્ષા કરશે. અત્યારે ૯ ઝેડ-પ્લસ કેટેગરીના વીઆઈપી છે, જેની સિક્યોરિટી NSG ના બ્લેક કેટ કમાન્ડો કરે છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથ, બસપા સુપ્રીમો માયાવતી, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, પૂર્વ નાયબ-વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ, છત્તીસગઢના પૂર્વ સીએમ રમન સિંહ, જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદ, એનસી નેતા ફારુક અબ્દુલ્લાહ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ. હવે આમની પાસેથી એનએસજી કમાન્ડો હટી જશે. સીઆરપીએફ સિક્યોરિટી વિંગ કમાન સંભાળશે. સીઆરપીએફની પાસે પહેલેથી છ વીઆઈપી સિક્યોરિટી બટાલિયન હાજર છે. નવી બટાલિયનની સાથે આ સાત થઈ જશે. નવી બટાલિયન થોડા મહિના સુધી સંસદની સુરક્ષામાં હતી. હવે આ કાર્ય CISFને સોંપવામાં આવ્યુ છે. NSG સિક્યોરિટી વાળા ૯ વીઆઈપીમાંથી બે એટલે કે રાજનાથ સિંહ અને યોગી આદિત્યનાથની પાસે એડવાન્સ્ડ સિક્યોરિટી લાઈસન (ASL) પ્રોટોકોલ છે. જેને હવે સીઆરપીએફે ટેકઓવર કરી લીધું છે. ASL એટલે કે કોઈ વીઆઈપીના કોઈ સ્થળે પહોંચ્યા પહેલા તે સ્થળની તપાસ, સિક્યોરિટી તપાસ, લોકેશન વગેરેની સુરક્ષા તપાસવામાં આવે છે.

### ૧૭ દિવસનું રામાયણ યાત્રાનું ટુર

# આઈઆરટીસીએ યાત્રિકો માટે રામાયણ યાત્રા ટુર પેકેજ લોન્ચ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

IRCTCએ યાત્રિકો માટે શ્રી રામાયણ યાત્રા ટુર પેકેજ લોન્ચ કર્યું છે. આ ટુર પેકેજમાં યાત્રિકો ભારત ગૌરવ ડિલેક્સ એસી ટુરિસ્ટ ટ્રેનમાં યાત્રા કરશે. આ ટુર પેકેજની શરુઆત ૯૬,૪૭૫ રુપિયાથી થાય છે. આઈઆરસીટીસીના આ ટુર પેકેજની શરુઆત દિલ્હીથી થશે. જો તમે આ ટુર પેકેજનો લાભ લેવા માંગો છે. તેમજ તમારા પરિવારમાં માતા-પિતાને રામાયણ યાત્રાના ટુર પેકેજમાં મોકલવા માંગો છો. તો તમારે આ પેકેજ દિલ્હીથી બુક કરવાનું રહેશે. એટલે કે, આના માટે તમારે દિલ્હી તમારા ખર્ચે જવાનું રહેશે. દિલ્હીથી તમે આ ટુર પેકેજનો લાભ ઉઠાવી શકશો. આઈઆરસીટીસીના આ ટુર પેકેજમાં અયોધ્યા, નંદીગ્રામ, જનકપુર, સીતામઢી, બક્સર, વારાણસી, પ્રયાગરાજ, શ્રૃંગવેરપુર, ચિત્રકુટ, નાસિક હમ્પી અને રામેશ્વર દર્શન કરી શકશો. આ ટુર પેકેજનું બુકિંગ તમે આઈઆરસીટીસીની વેબસાઈટ પર જઈ કરી શકો છો. આ ટુર પેકેજની શરુઆત ૨૮ નવેમ્બરથી શરુ થશે. ટુર પેકેજમાં કુલ ૧૫૦ સીટ છે. એસી ૧ કૂપમાં ૨૦ સીટ છે. એસી ૧ કેબિનમાં કુલ ૩૯ સીટ છે. એસી ૨માં કુલ ૩૬ સીટ છે અને એસી ૩માં કુલ ૫૬ સીટ છે. આ ટુર પેકેજનો લાભ લેવા માંગતા લોકોએ પ્રતિ વ્યક્તિએ એસી કેબિનમાં ૧૬૨૩૧૦ રુપિયાનો ચાર્જ ચુકવવાનો રહેશે. જો તમે એસીમાં યાત્રા કરવા માંગો છો ૨ લોકો સાથે ટિકિટ બુક કરાવવા માંગો છો તો તમારે ૧૪૬૮૭૫ રુપિયાનો ચાર્જ ચુકવવાનો રહેશે. તેમજ આ ટુર પેકેજમાં એસી, નોન એસીના અલગ અલગ ચાર્જ છે.આ યાત્રા દેશભરના અનેક રાજ્યોમાંથી પસાર થશે. IRCTCના આ ટુર પેકેજથી યાત્રિકો ભગવાન રામ અને સીતા માતા સાથે જોડાયેલા તમામ સ્થળોએ દર્શન કરી શકશે.

### બહરાઈચમાં રામ ગોપાલની હત્યાને લઈને ખુલાસો

# ૩૫ ગોળી માર્યા પહેલા નખ ખેંચ્યા, વીજ કરંટ આપ્યો

### બહરાઈચમાં હત્યા કરાયેલ રામ ગોપાલનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યો : રામ ગોપાલની હત્યા ખૂબ જ નિર્દયી રીતે કરાઈ

। (એજન્સી) બહરાઈચ, તા.૧૬ ।

બહરાઈચ હિંસામાં માર્યા ગયેલા રામ ગોપાલ મિશ્રાને દર્દનાક મોત આપવામાં આવ્યું હતું. ગોળી મારતા પહેલા તેને નરકની યાતનાઓ આપવામાં આવી હતી. આરોપીએ રામ ગોપાલની આંગળીના નખ ખેંચ્યા હતા. આટલું જ નહીં, તેને ઘણી વખત ઈલેક્ટ્રિક શોક પણ આપવામાં આવ્યો હતો. જેના કારણે તેને બ્રેઈન હેમરેજ થયું અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું. આમ છતાં પણ જ્યારે આરોપીઓ સંતુષ્ટ ના થયા તો તેને ૩૫ ગોળી મારી દીધી હતી. રામ ગોપાલ મિશ્રાના મૃતદેહના પોસ્ટ મોર્ટમમાં આ વાતનો ખુલાસો થયો હતો.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોતના તારણો સામે આવ્યા બાદ સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બહરાઈચમાં મૂર્તિ વિસર્જન દરમિયાન આરોપીઓએ રામ ગોપાલનું અપહરણ કરીને તેની હત્યા કરી નાખી હતી. મૃતદેહ મળ્યા બાદ પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. એવું સામે આવ્યું છે કે આરોપીએ રામ ગોપાલને ગોળી મારતા પહેલા તેને એટલો બધો



ટોર્ચર કર્યો કે તેનું મોત થઈ ગયું. આ રિપોર્ટ અનુસાર, આરોપીએ તેના મોત બાદ તેને ગોળી મારી હતી. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં રામ ગોપાલના મૃત્યુનું કારણ ઈલેક્ટ્રિક કરંટ અને બ્રેઈન હેમરેજ હોવાનું જણાવવામાં આવ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, રામ ગોપાલના શરીર પર ૩૫ ગોળીઓના નિશાન પણ મળી આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પોસ્ટમોર્ટમ રિપોર્ટ જોઈને સરળતાથી અનુમાન લગાવી શકાય છે કે હત્યા પહેલા રામ ગોપાલને ખૂબ જ ટોર્ચર કરવામાં આવ્યો હતો. તેને ઈલેક્ટ્રીક શોક આપવા અને આંગણીમાંથી નખ ખેંચવા ઉપરાંત તેના શરીર પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. બહરાઈચમાં હત્યા કરાયેલ રામ ગોપાલનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યો : રામ ગોપાલની હત્યા ખૂબ જ નિર્દયી રીતે કરાઈ રામ ગોપાલના માથા અને શરીરના અન્ય ભાગો પર ઘણી જગ્યાએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હોવાના નિશાન પણ જોવા મળ્યા હતા. ફોરેન્સિક ડોકટરોના જણાવ્યા અનુસાર, ઈલેક્ટ્રીક શોક અને ઘાવમાંથી વધુ પડતું લોહી વહેવાને કારણે રામ ગોપાલને બ્રેઈન હેમરેજ થયું અને તેના કારણે તેનું મૃત્યુ થયું. બહરાઈચ પોલીસના જણાવ્યા અનુસાર, પોસ્ટ મોર્ટમ રિપોર્ટના આધારે કેસની તપાસ શરૂ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, મૂર્તિના વિસર્જન દરમિયાન રામ ગોપાલ એક ઈમારત પર ચઢ્યા હતા, જ્યા લહેરાતો લીલો ઝંડો હટાવીને તેને ફેંકી દીધો હતો અને તેની જગ્યાએ ભગવો ધ્વજ ફરકાવ્યો હતો. આ પછી આરોપીઓએ ભીડમાંથી રામ ગોપાલનું અપહરણ કરીને આ નિર્મમ હત્યા કરી હતી.

# કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો બરાબરના ફસાયા

। (એજન્સી) ઓટાવા, તા.૧૬ ।

પોતાની સત્તા બચાવવા માટે ભારત વિરોધી નિવેદનો આપનારા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો પોતાના જ વતનમાં ઘેરાયા છે. પ્રજા અને સાંસદોની અસહમતિના કારણે ભારત પર આકરા પ્રહારો કરી શીખોની વસ્તીને આકર્ષિત કરવામાં વ્યસ્ત ટ્રૂડોથી તેમનો જ પક્ષ ત્રસ્ત બન્યો છે. લિબરલ પાર્ટીના ૨૦ જેટલા સાંસદો ટ્રૂડોને રાજીનામુ આપવા માગ કરી રહ્યા છે. જેમાં એક સાંસદે જાહેરમાં જ ટ્રૂડો પાસે રાજીનામું માંગી લીધુ છે. લિબરલ પાર્ટીના એક સાંસદે મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, જે સંદેશ હું જોરશોરથી રજૂ કરવા માગુ છું, તે સમયની સાથે વધુ દ્રઢ બનશે, તે સંદેશ છે તેઓ (ટ્રૂડો) હવે જશે, તેમનો જવાનો સમય આવી ગયો છે અને હું સહમત છું. ગત સપ્તાહે પાર્ટીના ૨૦ જેટલા સાંસદોએ બેઠક યોજી લીડરશીપમાં પરિવર્તન લાવવાના પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. વધુમાં સાંસદે કહ્યું કે, ટ્રૂડોએ પદ પરથી રાજીનામું આપી દેવુ જોઈએ, કારણકે, તેમની પસંદગી મતદારોએ કરી હતી. અને તેઓ હવે વડાપ્રધાનને નાપસંદ કરી રહ્યા છે. તેઓ ઈચ્છે કે, ટ્રૂડો રાજીનામુ આપે. છેલ્લા નવ વર્ષમાં ટ્રૂડોનું કામ પરિવર્તનશીલ રહ્યું છે, પરંતુ મતદારો હવે ટ્રૂડોની વાત સાંભળી રહ્યા નથી. લિબરલ પક્ષના અન્ય ૩૦થી ૪૦ સાંસદો પણ ટ્રૂડો પાસે રાજીનામુ આપવાની માગ કરી રહ્યા છે. પરંતુ તેઓએ સત્તાવાર જાહેરાત કરી નથી. તેમને ચૂંટણી પહેલાં જ પદ છોડવા અને લિબરલ્સના અન્ય ઉમેદવારને નેતૃત્વ કરવાની તક આપવાનો આગ્રહ કરાયો છે.

# બજારુ ખાદ્ય ચીજવસ્તુમાં થૂંકનારા સામે યોગી સરકાર કડક બનશે

### જેઓ ખોરાકમાં થૂંકે છે કે જ્યુસ કે પ્રવાહી ખાદ્ય ચીજવસ્તુમાં પેશાબ કરનારને કડકમાં કડક સજા ફટકારતો કાયદો આવી રહ્યો છે

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।

તાજેતરમાં છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયામાં ખાદ્ય ચીજવસ્તુમાં થુકનારા અથવા તો પ્રવાહી ખાદ્ય ચીજવસ્તુમાં પેશાબ કરતા હોવાનો વીડિયો વાયરલ થયા હતા. જેને લઈને ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સરકાર હવે ખાદ્યપદાર્થોમાં થૂંકનારા અથવા પેશાબ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગઈકાલે ખાદ્યપદાર્થોના સ્ટોલ પર થૂંકવાના કારણે પ્રદૂષણ અને છેતરપિંડીના મુદ્દાને રોકવા માટે અધિકારીઓ સાથે વિચાર અને વિમર્શ કર્યો હતો. સરકારે સ્પષ્ટપણે કહ્યું છે કે સામાજિક સમરસતાને ખલેલ પહોંચાડનારાઓની આવી હરકતો સાંખી લેવામાં નહીં આવે. યોગી આદિત્યનાથે સપ્ટેમ્બરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન આવી કાર્યવાહી પર નારાજગી વ્યક્ત કરી હતી અને તેને જાહેર વિશ્વાસનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. તેમણે એવો પણ આદેશ આપ્યો હતો કે, ઓપરેટરો, માલિકો અને મેનેજરોનું નામ અને



સરનામું તમામ ખાદ્ય સંસ્થાઓ પર ફરજિયાતપણે દર્શાવવું જોઈએ, જો તેમ ના થાય તો તેમને સજા કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુપી સરકાર ટૂંક સમયમાં એક નવો કાયદો લાવવા જઈ રહી છે, જેમાં જો ખાદ્ય પદાર્થોમાં આવા કૃત્ય કરતા જોવા મળશે તો ગુનેગારને કડક સજા કરવામાં આવશે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા ઘણી ઘૃણાસ્પદ ઘટનાના વીડિયો બાદ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સૌથી તાજેતરની ઘટના સહારનપુરનો એક વાયરલ વીડિયો છે, જેમાં એક કિશોર રોટલી પર થૂંકતો જોવા મળ્યો હતો, જેના પગલે રેસ્ટોરન્ટ માલિકની ધરપકડ કરવામાં આવી હતી. એ જ રીતે નોઈડામાં, બે લોકોની પેશાબ સાથે જ્યુસ દૂષિત કરવા બદલ અટકાયત કરવામાં આવી હતી, જ્યારે ગાઝિયાબાદમાં ફળોના રસમાં થૂંકવા બદલ એક વિક્રેતાની ધરપકડ કરવામાં આવી હતી. તો ઉત્તરાખંડમાં જ ચામાં એક વ્યક્તિ થુંકતો હોવાનો પણ વીડિયો વાયરલ થયો હતો. આ સાથે જ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ કાર્યવાહીની તૈયારી કરી રહ્યા છે. ધામીએ કહ્યું કે રાજ્ય સરકાર ઝીરો ટોલરન્સ પોલિસી હેઠળ કામ કરે છે, તેથી હવે થૂંક જેહાદને સાંખી લેવામાં આવશે નહીં. સીએમ ધામીએ કહ્યું છે કે ખાણીપીણીની દુકાનોમાં સીસીટીવી લગાવવા જોઈએ. તેમણે કહ્યું કે હોટલ અને રેસ્ટોરન્ટના કર્મચારીઓની ચકાસણી પણ કરવી જોઈએ. ભાજપ શાસિત બે રાજ્યોના મુખ્યમંત્રીઓએ ખાદ્યપદાર્થોમાં થૂંકનારા અને પેશાબ કરનારાઓ સાથે કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી છે. સોશિયલ મીડિયા પર થૂંકવા અને પેશાબ ભેળવવાની ઘટનાઓ સતત પ્રકાશમાં આવી રહી છે, જેના પછી સરકાર કડક બની છે.

# મસ્જિદમાં જય શ્રી રામના નારા લગાવવા ગુનો નથી




। (એજન્સી) બેંગલુરુ, તા.૧૬ ।

કર્ણાટક હાઈકોર્ટે મસ્જિદની અંદર ‘જય શ્રી રામ’ના કથિત નારા લગાવવાના મામલામાં મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હકીકતમાં, કોર્ટે બે લોકો સામે પોલીસ દ્વારા નોંધાયેલ ફોજદારી કેસને ફગાવી દીધો હતો. હાઈકોર્ટે કહ્યું કે, મસ્જિદમાં જય શ્રી રામના નારા લગાવવા બિલકુલ ખોટું નથી. આરોપીઓની અપીલ અરજી પર વિચાર કરીને આદેશ પસાર કરતી વખતે, જસ્ટિસ એમ. નાગપ્રસન્નાની આગેવાની હેઠળની સિંગલ બેંચે કહ્યું કે ‘જય શ્રી રામ’ના નારા લગાવવાથી કોઈ પણ સમુદાયની ધાર્મિક લાગણીઓને કેવી રીતે ઠેસ પહોંચશે તે સમજની બહાર છે. મસ્જિદમાં કથિત રીતે ‘જય શ્રી રામ’ના નારા લગાવવા બદલ આરોપીઓ પર IPCની કલમ ૨૯૫છ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. આરોપી પર ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૪૪૭ (ગુનાહિત ઉપદ્રવ), ૫૦૫ (સાર્વજનિક ઉપદ્રવ માટે નિવેદન આપવું), ૫૦૬ (ગુનાહિત ધમકી), ૩૪ (સામાન્ય હેતુ) અને ૨૯૫છ (ધાર્મિક લાગણીઓને ભડકાવવી) હેઠળ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટની મહત્ત્વની ટિપ્પણીમાં બેંચે કહ્યું કે, આ કેસમાં ફરિયાદીએ પોતે કહ્યું છે કે સંબંધિત વિસ્તારમાં હિન્દુ અને મુસ્લિમો સુમેળથી રહે છે. બેંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અરજદારો સામે આગળની કાર્યવાહીને મંજૂરી આપવી એ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ હશે.

# આઠ વર્ષથી પેશાબથી લોટ બાંધતી હતી આ કામવાળી

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક ચોંકાવનારો અને શરમજનક કિસ્સો સામે આવ્યો છે. અહીં ઘરની કામવાળી બાઈ છેલ્લા ૮ વર્ષથી એક ઘરમાં કામ કરતી હતી. તે તેના માલિકના પરિવાર માટે બનાવેલા ખોરાકમાં પેશાબ ભેળવી દેતી હતી. ધીરે ધીરે આખો પરિવાર બીમાર થવા લાગ્યો. આ ઘૃણાસ્પદ કૃત્ય ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે માલિકે તેના રસોડામાં સીસીટીવી કેમેરા લગાવ્યા, જેણે આ કૃત્ય કેદ કર્યું. ગાઝિયાબાદના થાણા ક્રોસિંગ રિપબ્લિક વિસ્તારની એક સોસાયટીમાં રહેતા એક રિયલ એસ્ટેટ બિઝનેસમેન અને તેનો પરિવાર છેલ્લા કેટલાક મહિનાઓથી ગંભીર રીતે બીમાર હતા. પરિવારના સભ્યો પેટ અને લીવરની બીમારીથી પીડાતા હતા. શરૂઆતમાં પરિવારને લાગ્યું કે આ એક સામાન્ય ચેપ છે અને ડોક્ટરો દ્વારા તેનો ઈલાજ કરાવ્યો, પરંતુ સ્થિતિમાં કોઈ સુધારો થયો ન હતો. જ્યારે તેમની તબિયત સતત બગડતી રહી, ત્યારે તેમને શંકા હતી કે તેની ખાવાની આદતોમાં કંઈક ખોટું છે. આ પછી, પરિવારના સભ્યોએ તેમના રસોડામાં અને અન્ય ભાગોમાં સીસીટીવી કેમેરા લગાવ્યા.

## તંત્રી લેખ...

# ખેડૂતોની દિવાળી સુધરી

બુધવારે મળેલી મોદી કેબિનેટની બેઠકમાં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. એક તરફ કેન્દ્રીય કર્મચારીઓને ૩ ટકા ડીએ વધારાની ભેટ આપવામાં આવી છે તો બીજી તરફ સરકારે પણ ખેડૂતોને દિવાળીની મોટી ભેટ આપી છે. વાસ્તવમાં, કેન્દ્ર દ્વારા રવિ સિઝનના પાકના લઘુત્તમ ટેકાના ભાવ (MSP)માં વધારો કરવામાં આવ્યો છે. જેમાં ઘઉંના પાકના ભાવમાં ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને સરસવના પાકમાં ૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. કેબિનેટની બેઠકમાં રવિ પાકની MSP વધારવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે, જે ખેડૂતો માટે દિવાળીની મોટી ભેટ છે. અહેવાલ મુજબ, સરકારે માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે રવિ પાક માટે નવી લઘુત્તમ સમર્થન કિંમત (MSP) નક્કી કરી છે. આ અંતર્ગત ઘઉંની MSP ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારીને ૨,૪૨૫ રૂપિયા કરવામાં આવી છે, જે અત્યાર સુધી ૨,૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતી. સરસવ પર MSP ૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ૫,૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધારીને ૫,૯૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. એ જ રીતે, ચણાના MSPમાં ૨૧૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેની નવી MSP ૫,૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે, જે પહેલા ૫૪૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતી. આ સિવાય મસૂર પર એમએસપી ૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ૬,૪૨૫ રૂપિયાથી વધારીને ૬,૭૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. કુસુમના ભાવમાં રૂ. ૧૪૦નો વધારો કરીને રૂ. ૫,૮૦૦ થી રૂ. ૫,૯૪૦ કરવામાં આવ્યા છે. MSP એ લઘુત્તમ ટેકાના ભાવ છે જે સરકાર ખેડૂતોને તેમના પાક માટે સુનિશ્ચિત કરે છે. જો આપણે સાદા શબ્દોમાં સમજીએ તો આ તે ભાવ છે જેના પર સરકાર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે. તેનો ઉદ્દેશ્ય પાકના ભાવમાં થતી વધઘટને કારણે ખેડૂતોને નુકસાનથી બચાવવાનો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે મોદી કેબિનેટમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપવાની સાથે પંજાબ-હરિયાણા બોર્ડર પર બેઠેલા ખેડૂતોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે અમે ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છીએ અને અમે ઘણા નિર્ણયો લીધા છે જેનાથી ખેડૂતોને ફાયદો થશે. મને આશા છે કે અમારી સરકારે ખેડૂતો માટે શું કર્યું છે તે ધ્યાનમાં લઈને તેઓ નિર્ણય લેશે.

## પહેલી વખત હરિયાણામાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત સરકાર બનાવી છે..

હરિયાણા વિધાનસભા ચૂંટણીનો જનાદેશ ઐતિહાસિક છે. પહેલી વખત હરિયાણામા કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત સરકાર બનાવી છે. હરિયાણાનું રાજકારણ મજબૂત ક્ષેત્રીય નેતાઓ, પરિવારવાદ અને અસ્થિરતાને કારણે ઓળખાતું રહ્યું છે. રાજનીતિનો પ્રસિદ્ધ મહાવરો 'આયારામ, ગયારામ' હરિયાણાથી જ નીકળ્યો છે. એવામાં તમામ એક્ઝિટ પોલ્સને ખોટા પાડતું હરિયાણાનું પરિણામ રાજ્યમાં મૂળભૂત પરિવર્તનને દર્શાવે છે. આ જનાદેશ હરિયાણાની જનતાનો વડાપ્રધાન મોદીના નેતૃત્વ પ્રત્યે અતૂટ વિશ્વાસ દર્શાવે છે. હરિયાણાથી ત્રણ બાજુથી ઘેરાયેલા હોવાને કારણે કોંગ્રેસની જીત દિલ્હી માટે એક મોટો પડકાર બની શકતો હતો. રાહુલ ગાંધીના અરાજકતાવાદી એજન્ડા અંતર્ગત દિલ્હીને વારંવાર આંદોલનો અને ધરણાં-પ્રદર્શનોના નામે બંધ કરાવવામાં આવ્યું હોત. એનાથી મોદી સરકારના કામકાજ અને ભારતની વિકાસ યાત્રા બાધિત થઈ હોત, પરંતુ કોંગ્રેસ એ ભૂલી ગઈ કે હરિયાણામાં રાષ્ટ્રવાદનાં મૂળ બહુ ઊંડાં છે અને આમ જનતા રાહુલ ગાંધીના ડાબેરી અને અરાજક એજન્ડાને સ્વીકારતી નથી. હરિયાણાની જનતાએ આંદોલનોના નામે લોકતાંત્રિક પ્રક્રિયાને બાયપાસ કરવાની કોશિશ કરતી રાજનીતિને નકારી દીધી છે. ખાસ કરીને દિલ્હી બોર્ડર સાથે જોડાતા વિસ્તારોમાં કોંગ્રેસની ભારે હાર થઈ છે. હરિયાણાનું પરિણામ છેલ્લા દસ વર્ષોની ભાજપ સરકારની નીતિઓ અને વિકાસ કાર્યો પર મહોર છે. ૨૦૧૪માં ભાજપ હરિયાણાની રાજકીય સંસ્કૃતિમાં એક બદલાવ તરીકે આવી. અહીં પહેલાં જાતિ અને પરિવાર આધારિત હુકૂમત હાવી રહેતી હતી અને કાયદાનું શાસન બીજા સ્તર પર રહેતું હતું. આ સરકારી નોકરીની પસંદગી પ્રક્રિયામાં ખાસ દેખાતું હતું, જ્યાં ભાઈ-ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર અને જાતિવાદ હાવી હતા. ભાજપ સરકાર અંતર્ગત પસંદગી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શી થઈ અને સરકારી નોકરીઓમાં બે લાખથી વધારે લોકોની પસંદગી થઈ. દરેક જાતિ અન ક્ષેત્રને આ નવી પ્રણાલીનો લાભ મળ્યો. 'ખર્ચી અને પર્ચી વિનાની' આ વ્યવસ્થા યુવાઓ વચ્ચે ભાજપ પ્રત્યે અડગ વિશ્વાસનું કારણ બની. નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી રૂપે નિયુક્ત કરવાનો ફેંસલો પણ જીતનું એક મહત્ત્વપૂર્ણ કારણ છે. સૈની પાર્ટીમાં નીચેથી ઊઠીને ઉપર સુધી આવ્યા છે અને બહુ ઓછી જનસંખ્યાવાળા અતિ-પછાત વર્ગથી છે. તેનાથી પાર્ટી કાર્યકર્તાઓ અને જનતામાં એ સંદેશ ગયો કે ભાજપ જ એકમાત્ર પાર્ટી છે જેમાં કોઈપણ વ્યક્તિ, ચાહે તે કોઈપણ સામાજિક, આર્થિક કે પારિવારિક પૃષ્ઠભૂમિથી હોય, શીર્ષ પદો સુધી પહોંચી શકે છે. આ જીત ભાજપ સંગઠનની પણ જીત છે. હાલની લોકસભા ચૂંટણીનાં પરિણામોથી ઉત્સાહિત કોંગ્રેસની આક્રમકતા છતાં ભાજપ સંગઠને મજબૂતીથી પોતાની જમીન જાળવી રાખી. કોંગ્રેસ દ્વારા જમીન પર અપાઈ રહેલી ધમકીઓ અને પ્રલોભન છતાં ભાજપ કાર્યકર્તા મજબૂતીથી કામ કરતા રહ્યા. તેમણે ઘેર ઘેર પ્રચાર કર્યો, ડ્રોઈંગ રૂમ બેઠકોનું આયોજન કર્યું, બાઈક રેલીઓનું નેતૃત્વ કર્યું. એ વિસ્તારોમાં પણ પૂરી તાકાતથી ઉમેદવારો ઊભા થયા, જ્યાં જીત અસંભવ લાગતી હતી. ભાજપ અસાધારણ કામ કરનારા સાધારણ લોકોની પાર્ટી છે, જેની સામે કોંગ્રેસનું તમામ ધનબળ અને બાહુબળ હારી ગયું. ઓગસ્ટ મહિનામાં નાયબ સિંહ સૈની અને તેજસ્વી સૂર્યાની હાજરીમાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરના એક હજાર યુવા અને છાત્ર નેતા ભાજપમાં સામેલ થયા, જેમાંથી લગભગ ૬૦ ટકા જાટ સમુદાયના હતા, જેને કોંગ્રેસનો મુખ્ય આધાર-સ્તંભ માનવામાં આવે છે. એનાથી એ સ્પષ્ટ થયું કે કોંગ્રેસ દ્વારા ધનબળના આધાર પર બનાવાઈ રહેલા માહોલથી વિપરીત હરિયાણાના યુવા ભાજપ સાથે મજબૂતી ઊભા રહ્યા. પ્રચાર દરમ્યાન એ વધુ સ્પષ્ટ થવા લાગ્યું કે યુવા વર્ગ જાતિની સીમાઓથી અલગ ભાજપનું સમર્થન કરી રહય છે, જે નવા ભારતની આશા અને મહત્ત્વાકાંક્ષાનું પ્રતિનિધિત્વ કરે છે. ભાજપનો પ્રચાર અને એજન્ડા સર્વસમાવેશી હતો. પોતાની સમાવેશી નીતિઓને કારણે ભાજપ દલિતો અને હાંશિયા પર રહેનારા વર્ગો વચ્ચે સારી એવી પહોંચ ધરાવે છે, જે આજે પણ કોંગ્રેસ શાસનમાં વ્યાપ્ત દમન, હિંસા અને સરકારનું વલણ ભૂલ્યા નથી. ભાજપ સરકારની કલ્યાણકારી યોજનાઓ પહેલી વાર આ વર્ગો સુધી પહોંચી.

**કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે, કશ્યપ-દિતિ એનો દાખલો છે, કામથી કર્મનો નાશ થાય છે, ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે**

# જીવનમાં કરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોરજી દર્શન આપતાં નથી..



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**લોભથી ભક્તિનો નાશ થાય છે, કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે, વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે, એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી, ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે, વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે, કામ કર્મનો નાશ કરે છે.**

શરદ પૂનમનો ભાગ આજે પણ છે કેટલાક આજે પણ શરદ પૂનમ નો ઉત્સવ ઉજવશે. દિવાળી પડતર દિવસ અંગે પણ એવું લાગે છે. એકત્રીસ ઓક્ટોમ્બર કે પહેલી નવેમ્બર..?? આજે જોઈએ તો શ્રીમદ્ ભગવદ્ ગીતા માં કહયું છે કે જય-વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠાનો મોહ.સાતમે દરવાજે પહોંચેલાને પણ એ અટકાવે છે. મનુષ્યને કીર્તિનો અને પ્રતિષ્ઠાનો મોહ છૂટતો નથી. ચેલાઓ વખાણ કરે એટલે ગુરુને લાગે છે કે, હું બ્રહ્મરૂપ થઈ ગયો છું! પછી સેવા-સ્મરણમાં ઉપેક્ષા જાગે છે અને પતન થાય છે. મનુષ્યનું મન નામ રૂપમાં ફસાયેલું છે. નામ અને રૂપમાં મોહ ન છૂટે ત્યાં સુધી ભક્તિ થતી નથી. મન શ્રીકૃષ્ણના રૂપમાં ફસાય તો જ મુક્તિ મળે. પ્રતિષ્ઠાનો મોહ આવ્યો કે ભગવાનને દરવાજેથી પાછા ફરવું પડે છે. ક્રોધ કરવાથી સનતકુમારોને ભગવાનના સાતમા દરવાજેથી પાછા ફરવું પડ્યું, પરંતુ સનત કુમારોનો ક્રોધ સાત્ત્વિક છે. આ દ્વારપાળો ભગવત દર્શનમાં વિઘ્ન કરે છે તેથી ક્રોધ આવ્યો છે. એટલે ભગવાને અનુગ્રહ કરી બહાર આવીને દર્શન દીધાં, પરંતુ ભગવાનના મહેલમાં તો તેઓ દાખલ થઈ શક્યા નહીં જ. કારણ ક્રોધ. મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે. કેટલાક અજ્ઞાનમાં મરે છે. કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણ ન ભણેતો અજ્ઞાની રહે છે અને બહુ ભણે તો કેટલીક વાર અભિમાનમાં મરે છે. કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભથી ભક્તિનો નાશ થાય છે. કામ, ક્રોધ અને લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે. એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને,લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે,કામ કર્મનો નાશ કરે છે. તેથી કામ, ક્રોધ, લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે, તો કહેશે કે કરણનાં ફૂલ આપ. મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે સત્ય નારાયણની કથામાં બેસવાનું હોય, તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોર જી વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલ તે કયાં ગયું! ભગવાન કહે છે, હમ સબ સમજતે હે.મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરા નું નાડું તૈયાર રાખ્યું છે.આવું ન કરો ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.'બસો બાવન વૈષ્ણવો ની વાર્તાઓમાં જમનાદાસ ભક્તનું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલ વાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોરજીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તે જ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું. બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે,મારા એક લાખ!યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે.શ્રીનાથજીના માથા ઉપર થી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું.પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે.તેથી મન ઉપર સત્સંગ નો, ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી. તેમણે ક્રોધમાં જય-વિજય ને શ્રાપ આપ્યો કે,રાક્ષસોમાં વિષમતા હોય છે.તમે એવી વિષમતા દેખાડી, માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહાપાપ છે. સનતકુમારોએ વૈકુંઠમાં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે, મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવા પણું ન હતું.કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી. એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનત કુમારો ની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે. જીવનમાં કરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોરજી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામુ જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને ભક્તિ ન હોય તો મને પાવાળો ચાર. કોમ ભક્તિ મને અતિશય પ્રિય છે. લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી. ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસીવિવાહ નું તાત્પર્ય છે. મસનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે,પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે.હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જયવિજયને સાંત્વનાઆપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો.મહાપ્રભુજી એ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃકર્મત્યાગ,મૌનત્યાગ અને સ્થાન ત્યાગ.હિરણ્યાક્ષ અને હિરણ્યક શિપુના રોજ ચાર-ચાર હાથ વધતા. જો આમ ખરેખર બને તો માતાપિતાની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે.લૌકિક ભાષા ગૌણ છે.આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે.ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે. લાભથી લોભ વધે છે. લોભનો અંત પ્રભુ કૃપા વગર થતો જ નથી શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપવધે પાપ વધે એટલે ધરતી રસાતળમાં જાય છે.ધરતી એટલે માનવ સમાજ દુઃખરૂપી રસાતળમાં ડૂબે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આસો માસના પંદર દિવસ પુરા થયા છતાં ગરમી બફારાથી રાહત મળતી નથી, આગામી બે ત્રણ દિવસમાં થવાનો છે તેવી આગાહી વચ્ચે મધ્ય ગુજરાત, થરાદમાં વરસાદનું ઝાપટું પડ્યું હોવાના વાવડ છે,અબોલ જીવો ઘાસચારો સલામત સ્થળે રાખવો સિઝન પ્રમાણે સૌ સારા વાના થશે તેવી શુભેચ્છા સહ અસ્તુ.

**સમાજને એટલું જ કહેવાનું કે ત્રેતા યુગમાં ભગવાન રામને પણ એક ધોબીએ ન કહેવાના વેણ કહ્યાં હતાં!**

# શ્રી વિનોબા ભાવેની ૐ તત્ સત્ શ્રી નારાયણ તું પુરુષોત્તમ ગુરુ તું ! વૈશ્વિક શાંતિનો ઉપાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હિન્દુ સંસ્કૃતિની એક બીજી ખાસિયતએ છે, કે ભક્તને ભગવાન સુધી અથવા તો સાધકને પરમેશ્વર સુધી પહોંચાડવા માટેનું ગુરુનું માધ્યમ પણ રહ્યું છે, ગુરુ એ હિંદુ સંસ્કૃતિની સૌથી મહત્વની ભૂમિકા ભજવતું પદ છે, આંગળી પકડીને ચાલતા શીખનાર બાળક જ્યારે નિશાળે જાય, ત્યારે તેને અન્ય ગુરુની પહેચાન થાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વિશ્વભરમાં હિંદુ સંસ્કૃતિની બોલબાલા વધી છે, એનું કારણ એ છે કે ભારતીય સંતોએ વિદેશમાં જઈ જઈને હરિ કથા કે રામ કથા કરી છે, અને સૌને બતાવ્યું છે કે આમાં કંઈક એવું છે, જે સૌને શાંતિ અને આનંદ પ્રદાન કરનાર છે! માત્ર ભૌતિક સુખ સમૃદ્ધિથી જીવનમાં શાંતિ નથી આવતી. હમણાં હમણાં પાછા પૂજ્ય બાપુના વિરોધીઓ સમાજમાં ધર્મ વિશે આગ ફેલાવવા જુદા જુદા જૂનાં વિડીયો મૂકી રહ્યા છે, જે સદંતર વાહિયાત વાત છે. બાપુની કરુણાને કોઈ પહોંચી શકે નહીં, વિશ્વસ્તરે ઘટતી દુર્ઘટનાઓમાં સૌથી પહેલી મદદ અત્યારે પૂજ્ય બાપુની પહોંચે છે. નાના એક્સિડન્ટ હોય, કુદરતી આપત્તિ હોય, કે પછી કંઈ પણ હોય, પરિવારને આશ્વાસન રુપે ભેટ પૂજ્ય બાપુ તરફથી જ પહોંચે છે! સમાજને એટલું જ કહેવાનું કે ત્રેતા યુગમાં ભગવાન રામને પણ એક ધોબીએ ન કહેવાના વેણ કહ્યાં હતાં! કૃષ્ણને પણ યાદવો ક્યાં સમજી શક્યા! નરસિંહ મીરાંને પણ સતાવ્યા હતાં! જેટલી સચ્ચાઈ વધુ એટલો વિરોધ વધુ! આ એક નિતાંત સત્ય છે, એટલે એમાં જવું નહીં! હિન્દુ સંસ્કૃતિની એક બીજી ખાસિયત એ છે, કે ભક્તને ભગવાન સુધી અથવા તો સાધકને પરમેશ્વર સુધી પહોંચાડવા માટેનું ગુરુનું માધ્યમ પણ રહ્યું છે. ગુરુ એ હિંદુ સંસ્કૃતિની સૌથી મહત્વની ભૂમિકા ભજવતું પદ છે. આંગળી પકડીને ચાલતા શીખનાર બાળક જ્યારે નિશાળે જાય, ત્યારે તેને અન્ય ગુરુની પહેચાન થાય છે. જન્મતાની સાથે જ બાળકને જે પ્રેમપૂર્વક ગળે લગાડે છે, તે તેની પ્રથમ ગુરુ એટલે કે મા હોય છે, બીજા ગુરુ તરીકે પિતા, અને ત્રીજા ગુરુ તરીકે શિક્ષકને આપણે ત્યાં મહત્વ અપાયું છે. તેથી જ માતૃદેવો ભવ પિતૃદેવો ભવ, અને આચાર્ય દેવો ભવ, અતિથી દેવો ભવના મૂળ ચાર સ્તંભ આપણે ત્યાં આવ્યાં છે. સ્વરાજ્યની લડત તથા અન્ય સમાજ સુધારકની ભૂમિકા ભજવનાર, વિનોબા ભાવેના નામથી સર્વ કોઈ પરિચિત હશે, અને તેમની પ્રાર્થના પણ બધાએ વર્ગનાં ખંડમાં ગાઈ હશે, આજે આપણે વિનોબા ભાવેની પ્રાર્થના વિશે વાત કરીશું

**વિનોબા ભાવે ની પ્રાર્થના.**

**ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;**
**સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક સવિતા પાવક તું,**
**બ્રહ્મ મજદ તું, યહ્વ શક્તિ તું, ઇસુ પિતા પ્રભુ તું**
**૫ ૐ તત્સત્**
**રુદ્ર વિષ્ણુ તું, રામ-કૃષ્ણ તું, રહીમ તાઓ તું,**
**વાસુદેવ ગો-વિશ્વરૂપ તું, ચિદાનન્દ હરિ તું;**
**અદ્વિતીય તું, અકાલ નિર્ભય આત્મ-લિંગ શિવ તું ૫ ૐ તત્સત્**
**ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;**
**સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક સવિતા પાવક તું ૫ ૐ તત્સત્**

તેમનો ઈસ ૧૮૯૫ માં જન્મ થયો હતો, તે એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણના ઘરે જન્મ્યા હતા, તેમનું જન્મ સમયનું નામ વિનાયક નરહરી હતું. માતા પિતા બંને સંસ્કારી હતા, પરંતુ માતા માંથી તેમને આધ્યાત્મિક વારસો મળ્યો હતો. અને માત્ર દસ વર્ષની ઉંમરે તેમણે આજીવન બ્રહ્મચર્ય લઈ લગ્ન નહીં કરીને સમાજ સેવા કરશે એવો સંકલ્પ કર્યો હતો. વડોદરાની સયાજીરાવ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટીમાં તેમણે અભ્યાસ કર્યો હતો. તેઓ રાષ્ટ્રપિતા ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી તરીકે માનવામાં આવે છે. નિશાળમાં ભણતા ત્યારે સર્વ ધર્મ પ્રાર્થના કરવામાં આવતી, અને લગભગ દરેક સ્કૂલમાં સર્વધર્મ પ્રાર્થના તરીકે આ જ પ્રાર્થનાનો પ્રયોગ થતો. સર્વોદય શબ્દ ગાંધીજીનો છે અને જોન રસ્કીન નું "અન ટુ ધી લાસ્ટ" વાંચીને એમને અંત્યોદય, વિશે જ્ઞાન થયું! અને અંત્યોદય ની બદલે એમણે સર્વોદય નામ આપ્યું, આ ધર્મ માં ગાંધીજીનાં ૧૧, ૧૧, જે મહાવ્રતની વાત આપણે ત્યાં વાત થઈ છે,એ સર્વોદય ધર્મની સ્થાપના કરનાર વિનોબા ભાવેના જીવનનો પાયો છે, આ વ્રતો લોકોમાં જ્ઞાન અને જાગૃતિ આવે તે માટે તેમણે કહ્યાં. પરંતુ સૌથી પહેલો પ્રયોગ તો તેણે પોતે જ કર્યો, અને તે વ્રતની અસર હેઠળ જે કંઈ સાહિત્ય લખાયું કે જે કોઈ પ્રવૃત્તિ સમાજ સેવાને નામે થઈ, તે બધી જ સત્યાગ્રહના યુગની સ્થાપના માટે બહુ જ જરૂરી હતી.તેથી જ આધુનિક યુગના મહાન સંત અને ભૂદાન પ્રવૃત્તિના પ્રણેતા વિનોબા ભાવે દ્વારા પ્રસ્થાપિત સર્વોદય ધર્મના અગિયાર મહાવ્રતોમાં સત્યને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. આપણા ઉપનિષદોમાં પણ 'સત્યમેવ જયતે'નો ઉદ્ઘોષ કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધીજીએ પણ 'સત્ય એ જ પરમેશ્વર' એવું સૂત્ર આપ્યું હતું. સત્ય પછી તરત જ અહિંસાની વાત કરવામાં આવી છે. ભગવાન બુદ્ધ અને મહાવીરે પણ 'અહિંસા પરમો ધર્મ' એમ કહી અહિંસાને ધર્મના અવિભાજ્ય અંગ તરીકે સ્વીકાર્યું છે.આમ ભક્તિ, જ્ઞાન, અને કર્મની ઉપાસના કરવા વાળા વિનોબાજીને આ યુગના મહાન ઋષિ પણ કહેવામાં આવે છે. તેમણે ભારત અખંડ બને તે માટેના ઘણા પ્રયત્નો પણ કર્યા, તેમાં ભૂદાન, અને ગ્રામ્ય દાન એક બહુ જ મહત્વની ભૂમિકા ભજવી હતી.તેઓ મહારાષ્ટ્રિયન હોવા છતાં, પણ વડોદરામાં રહીને તેમણે અભ્યાસ કર્યો હોવાથી, તે બહુ જ સારું ગુજરાતી બોલી કે લખી શકતા હતા. અધ્યાત્મની તેમની જે એક અલગ વ્યાખ્યા છે, તે ખરેખર વંદનીય છે. તેઓ જ્યારે પણ સૂવા જતાં ત્યારે આશ્રમવાસીઓને "હવે હું ચાલ્યો બ્રહ્મલોક" એવું એક નાનકડું વાક્ય બોલીને જતા, અને નિંદ્રાએ તેમની માટે એક સમાધિનો અવસર રહેતો એવું તે કહેતાં. આમ તો વેદ ઉપનિષદ જેવો જ આ પ્રાર્થનાનો ભાવ છે,કે તેમાં જીવ પોતાના અંતર આત્માને સંબોધીને કહે છે, હે ઈશ્વર તું નારાયણ છે,તું જ મારી માટે પુરુષોમાં ઉતમ એવો ગુરુ છે, અને તું સિદ્ધને બુદ્ધ છો, એટલે કે જીવનની સમસ્યાનો ઉકેલ લાવી શકવા સમર્થ છો. મારી બુદ્ધિ શક્તિ કે સવિતાને પાવક કે પવિત્ર બનાવનાર છો. ધર્મનું મુખ્ય અંગ છો, યહુદી ધર્મમાં જે શક્તિની વાત કરવામાં આવી છે તે તું છો, ઈસુ એટલે કે,ઈસાઈ ધર્મમાં જે કલ્યાણનો મુખ્ય ભાવ છે, તેનો પિતા તું છો, હિન્દુ સનાતન ધર્મના મુખ્ય ત્રણ દેવ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ તું છો, રામ ક્રિષ્ન તું, કુરાનના રહીમ તું છો, વિશ્વ રૂપ તું, ગાય એટલે કે તેત્રીસ કરોડ દેવતાનો જેમાં વાસ છે તે પણ તું, અદ્વિતીય એટલે તારી કોઈ સાથે સરખામણી પણ ન થઈ શકે, તેવો શુદ્ધ ચિત્ત આનંદ પણ તું જ છો, કોઈ પણ કાળ તને સ્પર્શી ન શકે તેવો અકાલ છો, અને આત્મલીંગ પણ તું જ છો. તો ચાલો બાળક બની એ વર્ગ ખંડમાં પહોચી જઈએ, અને તમામ વિવાદને ભૂલીને સદગુરુનુ સ્મરણ કરી એકદમ શુદ્ધ હદયથી આ પ્રાર્થનાનું ગાન કરીને અંતર આત્માને પ્રબળ બનાવીએ, જેથી કરીને દરેક પરિસ્થિતિમાં સત્યનું આચરણ કરીને જીવી શકાય, તેમજ જન્મ આપણો સફળ બને. બસ સમાજ તોડતી કોઈ પણ વાતને આપણાથી બઢાવો ન મળે એ વાતનો ખ્યાલ રાખી આપણે આપણી મૂળ માનવતાની સંસ્કૃતિ નું સીંચન કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ડોક્યુમેન્ટ્રી હવે OTT પર

## લગ્નની ડોક્યુમેન્ટ્રીનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જ્યાં નીતા અંબાણી લગ્નની ગૂંચવણો સમજાવતા જોવા મળે છે



અનંત અને રાધિકાના લગ્ન ઘણા મહિનાઓથી સમાચારોમાં હતા. તેની શરૂઆત જામનગરમાં પ્રી-વેડિંગ ફંક્શનથી થઈ હતી અને મુંબઈમાં રિસેપ્શન સુધી ચાલુ રહી હતી. વિદેશમાં પણ ભવ્ય પાર્ટી હતી. આ દરમિયાન, વિશ્વ હવે મુકેશ અંબાણી અને નીતા અંબાણીના દીકરાના લગ્ન જોઈ શકે છે. લગ્નની ડોક્યુમેન્ટ્રીનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. જ્યાં નીતા અંબાણી લગ્નની ગૂંચવણો સમજાવતા જોવા મળે છે, તો બોલિવૂડ સ્ટાર્સ પણ ભારે ઉત્સાહથી હાથ હલાવતા જોવા મળે છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન પર બનેલી ડોક્યુમેન્ટ્રીનું નામ છે વેલી ઑફ ગોડ્સ છે, જે દર્શકોને Jio સિનેમા પર જોવા મળશે. તમે ટ્રેલર YouTube પર પણ જોઈ શકો છો. વેલી ઑફ ગોડ્સનું ટ્રેલર નીતા અંબાણીથી શરૂ થાય છે. જે પોતાના દીકરાના લગ્નને લઈને ખૂબ જ ખુશ છે. તેઓ કહે છે કે, તે તેમના મૂળને ક્યારેય ભૂલી ન જાય તે તેના માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. તમારા રિવાજો અને પરંપરાઓને ખૂબ મહત્ત્વ આપો. તેઓ આ તમામ ભારતીય કલા અને સંસ્કૃતિને પણ શ્રદ્ધાંજલિ આપે છે.અભિષેક બચ્ચન, ઐશ્વર્યા અને આરાધ્યા વેલી ઑફ ગોડ્સમાં હસતા જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે મતભેદની વાતો ચાલી રહી હતી. પરંતુ ઐશ્વર્યા-અભિષેકની આ સ્માઈલ બધાને આશ્ચર્યમાં મૂકી દે છે. ડોક્યુમેન્ટ્રીમાં રાની મુખર્જી, કરિશ્મા કપૂર સહિત ઘણા સેલેબ્સ આરતી પૂજા કરતા જોવા મળે છે. તેમજ સલમાન ખાન, શાહરૂખ ખાન, રણવીર સિંહ, રણબીર કપૂર અને આલિયા ભટ્ટ સહિત તમામ મોટા સ્ટાર્સની ઝલક પણ જોવા મળે છે.જો તમે એશિયાના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિઓમાંથી એક મુકેશ અંબાણીના દીકરાના લગ્ન જોવા માગો છો. તો તમે Jio સિનેમા પર વેલી ઑફ ગોડ્સ તરીકે અનંત-રાધિકાના લગ્ન જોઈ શકો છો.




### રાહા કપૂરની માતાએ કર્યો ચોંકાવનારો ખુલાસો

# આલિયા ભટ્ટ નાનપણથી જ ગંભીર બીમારીથી છે પીડિત


અભિનેત્રી આલિયા ભટ્ટ આ દિવસોમાં ફિલ્મ જીગ્રાને લઈને ચર્ચામાં છે. ધર્મા પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ ફિલ્મમાં તેણે વેદાંગ રૈનાની મોટી બહેનની ભૂમિકા ભજવી છે. ફિલ્મ રિલીઝ થયાને હજુ વધુ સમય નથી થયો, તેથી આલિયા તેનું જોરશોરથી પ્રમોશન કરી રહી છે. તાજેતરમાં જ તેણે પોતાની એક બીમારીનો ખુલાસો કર્યો હતો.ફેમસ એક્ટ્રેસ આલિયા ભટ્ટ આ દિવસોમાં ફિલ્મ 'જીગરા'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેણે કોઈની સ્ત્રી પ્રેમની ભૂમિકા ભજવી નથી, પરંતુ એક નીડર બહેનની ભૂમિકા ભજવી છે, જે તેના ભાઈને બચાવવા લડે છે. 'જીગરા'માં આલિયાના અભિનયને લઈને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. આ દરમિયાન ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત અભિનેત્રીએ પોતાના વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણીએ તે રોગનો ખુલાસો કર્યો છે જેની સાથે તે બાળપણથી સંઘર્ષ કરી રહી છે.મીડિયામાં આપેલા ઈન્ટરવ્યુમાં આલિયાએ જણાવ્યું કે તેને ADHD છે. ADHD એટલે એટેન્શન ડેફિસિટ/હાયપરએક્ટિવિટી ડિસઓર્ડર. આલિયાએ જણાવ્યું કે તે નાનપણથી જ આ બીમારી સામે ઝઝૂમી રહી છે. જ્યારે તે શાળામાં કે વર્ગખંડમાં મિત્રો સાથે વાત કરતી ત્યારે તેનું ધ્યાન વાતચીતની વચ્ચે જ હટવા માંડ્યું. આલિયાએ કહ્યું કે હાલમાં જ તેણે સાયકોલોજિકલ ટેસ્ટ કરાવ્યો તો ખબર પડી કે તેને ADHD છે. અભિનેત્રીએ એમ પણ કહ્યું કે જ્યારે તેણે તેના મિત્રોને આ વિશે જણાવ્યું તો તેઓએ કહ્યું કે તેઓ આ વિશે પહેલાથી જ જાણતા હતા.'જીગરા' અભિનેત્રીએ કહ્યું કે આ એક એવી વસ્તુ છે જે બાળપણથી તેની સાથે છે, પરંતુ તેને થોડા દિવસો પહેલા તેની જાણ થઈ હતી. જ્યારે આ વાતની જાણ થઈ, ત્યારે સમજાયું કે તે કેમેરા સામે શા માટે હળવાશ અનુભવે છે.અભિનેત્રીએ કહ્યું, જ્યારે પણ હું કેમેરાની સામે હોઉં છું ત્યારે હું જે પાત્ર ભજવું છું તેનાથી હું ખોવાઈ જતી નથી. કેમેરા સિવાય, જ્યારે હું રાહા સાથે હોઉં ત્યારે હું સૌથી વધુ હળવાશ અનુભવું છું. મારા જીવનમાં આ બે મહત્વપૂર્ણ ક્ષણો છે જ્યારે હું સૌથી વધુ શાંતિ અનુભવું છું.ફિલ્મ 'જીગરા'ના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ૧૧ ઓક્ટોબરે રિલીઝ થયેલી આ ફિલ્મ ૨૦ કરોડ રૂપિયાની કમાણી પણ કરી શકી નથી.



# મેરી કોમ એક્ટર બિજોઉ થંગજામે ફિલ્મ નિર્માતાઓ પર લગાવ્યો ગંભીર આરોપ

### પહેલા અભિનેત્રી દિવ્યા ખોસલા કુમારે આલિયા ભટ્ટ પર બોક્સ ઓફિસના આંકડા સાથે ચેડાં કરવાનો આરોપ લગાવ્યો હતો

આલિયા ભટ્ટની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'જિગરા' વિવાદોમાં ઘેરાયેલી છે. રિલીઝ થતાની સાથે જ તે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગઈ છે. પહેલા અભિનેત્રી દિવ્યા ખોસલા કુમારે આલિયા ભટ્ટ પર બોક્સ ઓફિસના આંકડા સાથે ચેડાં કરવાનો આરોપ લગાવ્યો હતો. હવે એક એક્ટરે 'જિગરા'ના મેકર્સ પર ગંભીર આરોપ લગાવ્યા છે.





'મેરી કોમ', 'શિવાય', 'રોકેટરી' અને અન્ય ફિલ્મોનો હિસ્સો રહી ચૂકેલા મણિપુરના અભિનેતા બિજોઉ થંગજામે નિર્માતાઓ પર આરોપ લગાવ્યો છે કે, તેમણે 'જિગરા'માં ભૂમિકા માટે તેને કાસ્ટ કર્યો હતો પરંતુ શૂટિંગ શરૂ થયા પછી ક્યારેય સંપર્ક કરવામાં આવ્યો ન હતો.અભિનેતાએ કહ્યું, 'હું આ કોઈ એજન્ડા કે આરોપ સાથે નથી લખી રહ્યો. હું માત્ર એ વાસ્તવિકતા શેર કરવા માંગુ છું કે, મોટા પ્રોડક્શન હાઉસ દ્વારા પૂર્વોત્તરના મારા જેવા કલાકારો સાથે કેવું વર્તન કરવામાં આવે છે. આશા છે કે, આનાથી અમે શું સામનો કરીએ છીએ તેનો થોડો ખ્યાલ આપશે. બિજોઉ થંગજામે તેની X પોસ્ટમાં લખ્યું કે, 'વર્ષ ૨૦૨૩માં એક રોલ માટે ઓડિશન આપવા માટે કાસ્ટિંગ ટીમ દ્વારા મારો સંપર્ક કરવામાં આવ્યો હતો. મેં ચાર મહિનામાં બે વાર મારી ટેપ તેમને મોકલી. નવેમ્બરના અંત સુધીમાં, તેઓએ મને કહ્યું કે, હું ડિસેમ્બરમાં શૂટિંગ કરીશ. તે સિવાય તેઓએ મને ક્યારેય શૂટિંગની નિશ્ચિત તારીખ આપી નથી. તેમ છતાં, તેઓએ મને ડિસેમ્બરના આખા મહિના માટે બુક કર્યો, એવી અપેક્ષા રાખી કે હું તેમના માટે ગમે ત્યારે શૂટ કરવા તૈયાર હોઈશ. તેણે આગળ કહ્યું, ''મને આખો મહિનો અંધારામાં રાખવામાં આવ્યો હતો અને કોઈ યોગ્ય અપડેટ આપવામાં આવી ન હતી. મેં છેલ્લો મેસેજ ૨૬ ડિસેમ્બરે કર્યો હતો કે, જવાબની રાહ જોઈ રહ્યો છું અને તે પછી કોઈ જવાબ મળ્યો ન હતો. આ દરમિયાન મેં અન્ય ઘણા સારા પ્રોજેક્ટ ગુમાવ્યા હતા.અભિનેતાએ વધુમાં કહ્યું, 'હું સમજું છું કે મોટા પ્રોડક્શન હાઉસ કેવી રીતે કામ કરે છે. દિગ્દર્શક નિઃશંકપણે પ્રતિભાશાળી છે, પરંતુ તેણે જે રીતે આ સમગ્ર પરિસ્થિતિને સંભાળી તે અત્યંત અનપ્રોફેશનલ હતી. ઉત્તર-પૂર્વના મારા જેવા કલાકારો માટે આ ખાસ કરીને ભેદભાવપૂર્ણ લાગ્યું. મારો સમય વેડફાઈ ગયો અને મેં અન્ય તકો ગુમાવી કારણ કે, તેઓ મને બોલાવે ત્યારે હું ત્યાં સમયસર પહોંચી શકું.'

### અભિનેતાના બોડીગાર્ડ શેરાનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે

# સલમાનની સિક્યોરિટીમાં સૌથી મોટી ચેલેન્જ શું છે



બાબા સિદ્દીકીની હત્યા બાદ સલમાન ખાનની સિક્યોરીટી વધારી દેવામાં આવી છે. ત્યારે હવે અભિનેતાના બોડીગાર્ડ શેરાનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે અભિનેતાની સિક્યોરિટી વિશે વાત કરી રહ્યો છે.બોડીગાર્ડ શેરા અભિનેતા સલમાન ખાનની લાઈફનો એક મહત્વનો ભાગ છે. તે ૨૫ વર્ષથી વધારે સમયથી અભિનેતા સાથે તેનું રક્ષણ કરી રહ્યો છે. હવે બાબા સિદ્દીકીની હત્યા બાદ દબંગ ખાનની સિક્યોરિટી પણ વધારી દેવામાં આવી ગઈ છે. ત્યારે સોશિયલ મીડિયા પર શેરાનો એક જૂનો વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે પોતાના માલિક એટલે કે, સલમાન ખાન વિશે વાત કરતો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન તેમણે એ પણ કહ્યું કે, કઈ રીતે અભિનેતા સાથે તેની પહેલી મુલાકાત થઈ હતી અને ભીડવાળી જગ્યાએ અભિનેતાની રક્ષા કઈ રીતે કરે છે. શેરાએ કહ્યું સૌથી મોટો પડકાર તેના ચાહકો સામે હોય છે. તો ચાલો જાણીએ શેરાએ ઈન્ટરવ્યુમાં વધુ શું કહ્યું છે.એએનઆઈ સાથે વાત કરતા શેરાએ કહ્યું કે, સલમાન ખાન જ તેનો માલિક છે. તે દરેક સમયે તેની સાથે ઉભો હોય છે. ત્યારબાદ શેરાએ કહ્યું કે, કેવી રીતે તેની સાથે મુલાકાત થઈ હતી. સૌથી પહેલા એક ઈવેન્ટમાં શેરાની સલમાન ખાન સાથે મુલાકાત થઈ હતી. આ દરમિયાન તેની કોઈ વાત થઈ ન હતી. ત્યારબાદ એક ઈવેન્ટમાં અર્પિતા ખાનને મળ્યો હતો. ત્યારબાદ સોહેલ ખાને શેરાને બોલાવ્યો અને કહ્યું સલમાન ખાન સાથે સિક્યોરિટી ઈન્ચાર્જ તરીકે કામ કરવાનું શરુ કર્યુ હતુ. અભિનેતાના બોડીગાર્ડ શેરાનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે અભિનેતાની સિક્યોરિટી વિશે વાત કરી રહ્યો છે, શેરાએ કહ્યું કે, સલમાન ખાનની સિક્યોરિટીમાં સૌથી મોટો પડકાર ભીડ હોય છે કારણ કે, દરેક નાના માણસથી લઈ મોટી વ્યક્તિ તેને મળવા માંગતી હોય છે. આ દરમિયાન બધી વસ્તુ મેનેજ કરવાની હોય છે. ત્યારબાદ શેરાએ કહ્યું પહેલા ભાઈની જાનનો આટલો ખતરો ન હતો પરંતુ જેમ જેમ તેના ચાહકો વધતા ગયા તેમ તેમ તેની ફેન ફોલોઈંગ વધતી ગઈ અને તેની સિક્યોરિટી પણ વધારી દેવામાં આવી.



**બાબા સિદ્દીકીની હત્યા બાદ સલમાન ખાનનો જીવ જોખમમાં**

### 'કિંગ' માટે સુહાના ખાનની જોરદાર તૈયારી, જીમમાં ખૂબ પરસેવો પાડી રહી છે

# ધ આર્ચીજ ફિલ્મથી એક્ટિંગની દુનિયામાં એન્ટ્રી



સુહાના ખાન પોતાની બીજી ફિલ્મ કિંગ માટે જોરદાર તૈયારી કરી રહી છે. જીમમાં પરસેવો પાડી રહી છે. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કિંગ ફિલ્મમાં સુહાના સાથે તેના પિતા શાહરુખ ખાન પણ જોવા મળશે.આમ તો શાહરુખ ખાન અને ગૌરી ખાનની દિકરી સુહાના ખાન ધ આર્ચીજ ફિલ્મથી એક્ટિંગની દુનિયામાં એન્ટ્રી કરી ચૂકી છે. પરંતુ આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ હતી. હવે તે પોતાની અપકમિંગ ફિલ્મ મોટા પડદા પર રિલીઝ થશે. જેમાં તેની સાથે તેના પિતા શાહરુખ ખાન પણ જોવા મળશે. આ ફિલ્મનું નામ કિંગ છે અને સુહાના જેના માટે તૈયારીઓ કરી રહી છે. તેનો જીમમાં વર્કઆઉટનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે. જીમમાં ભારેભરખમ વજન ઉપાડી રહી છે અને ખુબ પરસેવો પણ પાડી રહી છે. આ વીડિયો જોયા બાદ ચાહકો કહી રહ્યા છે કે, સુહાનાને આવી રીતે વર્કઆઉટ કરતા પહેલી વખત જોઈ છે. આ વીડિયો પર સુહાનાની કઝિન આલિયા છિબ્બાએ કોમેન્ટ કરી છે. ચાહકો પ્રેમ વરસાવી રહ્યા છે. એકે લખ્યું પુલ અપ ખતરનાક છે. તે કઈ રીતે કર્યું તો કેટલાક લોકો તેની સુંદરતાની સાથે ફિટનેસના પણ વખાણ કરી રહ્યા છે. કિંગ ફિલ્મની વાત કરીએ તો જાન્યુઆરી ૨૦૨૫માં આવી શકે છે. યૂરોપમાં શૂટિંગ થશે. શાહરૂખની પુત્રી જીમમાં ખૂબ પરસેવો પાડી રહી છે, ડાયરેક્શન સુજોય ઘોષ કરશે અને પ્રોડ્યુસર ગૌરી ખાન અને સિદ્ધાર્થ આનંદ છે. શાહરુખ અને સુહાના સિવાય અભિષેક બચ્ચન, અભય વર્મા પણ જોવા મળશે. આ ફિલ્મ ઈદ ૨૦૨૬માં રિલીઝ થઈ શકે છે. શાહરુખ ખાને ગત્ત વર્ષે બોક્સ ઓફિસ પર કબજો કરી લીધો હતો. તેની ૩ ફિલ્મ રિલીઝ થઈ હતી. પઠાણ, જવાન અને ડંકી. આ સિવાય સલમાન ખાનની ફિલ્મ ટાઈગર ૩માં કેમિયો કર્યો હતો. આ વર્ષે સલમાન ખાનની એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી. સુહાના ખાને ખુદ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે જીમમાં ગ્લુટ્સ વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે. લોકો સુહાનાના આ વીડિયો પર જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે. આ વીડિયો પર સુહાનાની કઝિન આલિયા છિબ્બાએ કોમેન્ટ કરી છે, ચાહકો પ્રેમ વરસાવી રહ્યા છે, સુહાના ખાન સોશિયલ મીડિયા પર પણ ખુબ એક્ટિવ રહે છે. તેના લાખોમાં ફોલોઅર્સ છે. તે પોતાના ચાહકોને અપટડે પણ આપતી રહે છે. હાલમાં સુહાનાનું સંપૂર્ણ ધ્યાન પિતા સાથે આવનારી ફિલ્મ પર છે.


**આ વાયરલ વીડિયો પર સુહાના ખાનની કઝિન આલિયા છિબ્બાએ કોમેન્ટ કરી છે, ચાહકો પ્રેમ વરસાવી રહ્યા છે**

# ૬૦૦ કરોડ કમાનારી 'સ્ત્રી ૨'ના રાજકુમાર પાસે એકાઉન્ટમાં ૬ કરોડ નથી

### પહેલા 'સ્ત્રી ૨'ફિલ્મએ બોક્સ ઓફિસ પર પ્રભુત્વ જમાવ્યું હતું અને પછી રાજકુમારની હવે 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' ચર્ચામાં છે



૬૦૦ કરોડ કમાનારી 'સ્ત્રી ૨'ના 'વિકી' પાસે એકાઉન્ટમાં ૬ કરોડ પણ નથી, બેંક બેલેન્સને લઈને કર્યો ચોકાવનારો ખુલાસોરાજકુમાર રાવ અત્યારે ચારેય તરફ છવાયેલો છે. પહેલા 'સ્ત્રી ૨'એ બોક્સ ઓફિસ પર પ્રભુત્વ જમાવ્યું હતું અને હવે 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' ચર્ચામાં છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર આલિયા ભટ્ટ સ્ટારર 'જિગરા' પર ભારે પડતી જોવા મળી રહી છે. આ ફિલ્મમાં રાજકુમાર રાવની એક્ટિંગની સાથે ગીતોમાં તેની ડાન્સિંગ સ્કિલની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન રાજકુમાર રાવે એક એવો ખુલાસો કર્યો છે જે કોઈને પણ ચોંકાવી શકે છે. અભિનેતાએ કહ્યું કે, તેની પાસે લકઝરી કાર ખરીદવા માટે પૂરતા પૈસા નથી. તેણે પોતાના બેંક બેલેન્સ અંગે પણ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. યુટ્યુબ ચેનલ અનફિલ્ટર્ડ વિથ સમદીશ પર વાત કરતી વખતે રાજકુમાર રાવે કહ્યું કે, તે એટલો અમીર નથી જેટલો લોકો વિચારે છે. તેણે કહ્યું- 'સાચું કહું તો મારી પાસે એટલા પૈસા નથી જેટલા લોકો વિચારે છે. લોકો ૧૦૦ કરોડ માને છે, આટલું પણ નથી ભાઈ. EMI ચાલુ છે ભાઈ. મેં એક ઘર લીધું છે, તેની EMI ચાલે છે અને તે પણ ખૂબ સારી એવી. તો એવું નથી કે જરાય નથી પણ એટલા પણ નથી કે આજે મને શોરૂમમાં જઈને કાર લેવાનું મન થયું અને પૂછ્યું કે, તેની કિંમત કેટલી છે, તો તેણે કહ્યું, સાહેબ, તેની કિંમત ૬ કરોડ છે અને મેં તેને કહ્યું હોય કે આપી દે.'જ્યારે રાજકુમાર રાવને પૂછવામાં આવ્યું કે, જો તેની પાસે ૬ કરોડ રૂપિયા ન હોય તો શું તે ૫૦ લાખ રૂપિયાની કાર ખરીદી શકે છે, તો અભિનેતાએ જવાબ આપ્યો - '૫૦ લાખ રૂપિયાની કાર ખરીદી શકું છું, પરંતુ તેના પર ઘરમાં ચર્ચા થશે. એક સેકન્ડ, લઈ તો શકું છું, લઈ લઉં શું? એવું છે.' રાજકુમાર રાવના કહેવા પ્રમાણે, તે ૫૦ લાખ રૂપિયાની કાર ખરીદી શકે છે, પરંતુ તે પહેલા વિચારશે. પરંતુ, જો રૂ. ૨૦ લાખની કાર ખરીદવાની વાત આવે તો તે વિચાર્યા વગર જ ખરીદી લેશે. અભિનેતાએ એમ પણ કહ્યું કે, જો તમને રાતોરાત વધુ પૈસા મળે છે તો તે પણ યોગ્ય નથી, કારણ કે તે માનસિકતા બગાડી શકે છે. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' ૧૧ ઓક્ટોબરે થિયેટરમાં રિલીઝ થઈ હતી, જે બોક્સ ઓફિસ પર આલિયા ભટ્ટ-વેદાંગ રૈનાની 'જિગરા' સાથે ક્લેશ થઈ હતી.



# દેડિયાપાડા તાલુકાનાં પોમલપાડા ગૃપ ગ્રામપંચાયત ખાતે કિશોરી મેળો યોજાયો

## સરકારશ્રીની કિશોરીઓને લગતી વિવિધ લક્ષી યોજનાઓ અંગે વાલીઓને માહિતગાર કરાયા



। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત અને દેશને વિશ્વવ્યાપી ઓળખ મળી છે. ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને દેશના વડાપ્રધાન બનવા સુધીના ૨૩ વર્ષના તેમના નેતૃત્વમાં થયેલા વિકાસ કામોને જનજન સુધી પહોંચાડવાના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. વિકાસ સપ્તાહની ઉજવણીના અંતિમ દિવસે તા.૧૫મી ઓક્ટોબર, મંગળવારના રોજ દેડિયાપાડા તાલુકાની પોમલપાડા ગૃપ ગ્રામપંચાયત ખાતે તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી તારાબેન રાઠોડની અધ્યક્ષતા અને CDPO શ્રીમતી ટીનાબેન ચૌધરીની ઉપસ્થિતિમાં પૂર્ણા ૨.૦ યોજના અંતર્ગત કિશોરી મેળો યોજાયો હતો. દેડિયાપાડાના સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી શ્રીમતી ટીનાબેન ચૌધરીએ બાળકો-કિશોરીઓના વાલીઓ સાથે શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્યની ખાસ કાળજી લેવા અંગે ચર્ચા કરીને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. કાર્યક્રમ બાદ પોમલપાડા ગ્રુપ ગ્રામપંચાયત હોલ ખાતે યોજાયેલા કિશોરી મેળામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કિશોરીઓ અને વાલીઓને પણ સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્ય અને પોષણ સ્તર સુધારવા માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. કિશોરીઓ શિક્ષિત અને સક્ષમ બને તથા તેઓનો સ્વવિકાસ થાય તેવા આશય સાથે પૂરક પોષણ, પૂર્ણા શક્તિના પેકેટ્સ, આયર્ન-ફોલિક એસિડની ગોળીઓના મહત્વ વિશે સમજ પુરી પાડી હતી. સરકારશ્રીના વિવિધ વિભાગના પ્રતિનિધશ્રીઓ-કર્મચારીઓ દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર, કિશોરીઓને લગતી વિવિધ યોજનાઓ, અધિકારો તેમજ રોજગારલક્ષી તાલીમ અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે આરોગ્ય વિભાગના કર્મચારીઓ, ગામના ચૂંટાયેલા સભ્યો, આગેવાનો, સુપરવાઈઝર બહેનો, આંગણવાડી કાર્યકર બહેનો સહિત ભૂલકાંઓ, કિશોરીઓ સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા જિલ્લામાં સંગીતની સૂરાવલી સાથે વિકાસ સપ્તાહની પૂર્ણાહુતિ

# રાજપીપળાની અંબુભાઈ પુરાણી હાઈ સ્કુલના હોલ ખાતે લોકડાયરો યોજાયો



। (માહિતી) રાજપીપળા, તા.૧૬ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ અને સક્ષમ નેતૃત્વના ૨૩ વર્ષના પૂર્ણ થયે તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન નર્મદા જિલ્લામાં વિકાસ સપ્તાહની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત રાજ્યની સાથે નર્મદા જિલ્લો પણ કદમતાલ મિલાવી રહ્યો છે, ત્યારે આજે વિકાસ સપ્તાહના અંતિમ દિવસે શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલના હોલ ખાતે લોકડાયરો યોજાયો હતો. નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંહ તડવી અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખની પ્રેરક ઉપસ્થિતિમાં આ લોકડાયરામાં કલાકારોએ લોકગીતોની રમઝટ બોલાવી હતી. વિકાસ સપ્તાહનું સમાપન સંગિતની સુરાવલી સાથે થઈ હતી. જ્યારે પ્રભાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરના પ્રાંગણમાંથી અંતિમ દિને વિશાળ પદયાત્રા નિકળી હતી. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી શ્રી વિક્રમભાઈ તડવી, નાયબ માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ મછાર, જિલ્લા સાંસ્કૃતિક અને યુવા પ્રવૃત્તિ વિભાગના શ્રી દિલિપભાઈ દેસાઈ, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી વિષ્ણુભાઈ વસાવા સહિતના અધિકારી, કર્મીઓ હાજર રહ્યા હતા.

### નર્મદા જિલ્લામાં સંગીતની સૂરાવલી સાથે વિકાસ સપ્તાહની પૂર્ણાહુતિ

# ગાંધીનગર કોર્પોરેશન દ્વારા વડિલોના સ્વાસ્થ્ય માટે ખાસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા વડિલોના સ્વાસ્થ્ય માટે ખાસ પ્રોજેક્ટ શરૃ કરવા જઈ રહી છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વયના તમામ વડિલોને ઘરે જઈને દર મહિને ડોક્ટર સહિતની ટીમ દ્વારા ડાયાબીટીસ, બીપીની સાથે તેમનું મેડિકલ ચેકઅપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જરૃર પડે તો વડિલોને દવા અને જરૃરી ટેસ્ટ પણ નિઃશુલ્ક કરી આપવાની તૈયારી હાલ કોર્પોરેશને બતાવી છે આ નિઃશુલ્ક પ્રોજેક્ટ-નું બાળ મરણ ન થઈ જાય તે માટે તબીબો સહિત પેરામેડિકલ સ્ટાફની ટીમ ઉભી કરાશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કરવામાં આવેલા ફેમેલી હેલ્થ સર્વે ઉપર નજર કરીએ તો, કુલ વસ્તી ૪.૭૦ લાખ જેટલી છે જેમા ૬૦ વર્ષથી ઉપરના ૨૨,૦૮૩ પુરુષો તથા ૨૦,૧૧૨ મહિલા મળીને કુલ ૪૨,૨૦૦ વૃધ્ધોનો સમાવેશ થાય છે.ઉંમર વધવાને કારણે વૃધ્ધોને ઘણી બિમારીઓ થતી હોય છે ત્યારે આ વૃધ્ધાના સ્વાસ્થની ચિંતા કરીને કોર્પોરેશન દ્વારા ખાસ પ્રોજેક્ટ શરૃ કરવામાં આવનાર છે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસે જણાવ્યું હતુ કે, સિનીયર સિટીઝનમાં બીપી, ડાયાબીટીસ સહિતની ઘણી બિમારીઓ અવસ્થાને કારણે હોય છે જેનું નિયમિત ચેકઅપ નહીં થવાને કારણે આ બિમારીઓની સાથે શારીરિક તકલીફો વધતી હોય છે ત્યારે આ સ્થિતિ નિવારવા માટે કોર્પોરેશન દ્વારા વયસ્કોનું ઘરે જઈને નિઃશુલ્ક હેલ્થ ચેકઅપનો નવો પ્રોજેક્ટ હાથ ધરવા જઈ રહ્યું છે જે માટે ડોક્ટર્સ ઉપરાંત પેરા મેડિકલ સ્ટાફની પણ ભરતી કરીને ખાસ ટીમ બનાવવામાં આવશે. સેક્ટર-૨,પેથાપુર, કોબા, સે-૨૪ તથા સુઘડ એમ આ પાંચ ટીમ તેમના વિસ્તારમાં વડિલોના હેલ્થનું ચેક અપ કરવા તેમના ઘરે જશે.જે દરમ્યાન તબીબ દ્વારા વડિલ સભ્યના આરોગ્યની તપાસણી કરશે, બીપી માપશે, રેન્ડમ બ્લડ સુગર પણ ચેક કરશે જે દરમ્યાન કોઈ બિમારી કે રોગ જણાશે તો તેમને ઘરે જ દવા આપી દેશે એટલુ જ નહીં, વધુ સારવારની જરૃર પડશે તો સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટરને રિફર પણ કરવામાં આવશે.

# વિકાસ સપ્તાહ અંતર્ગત ચોકબજાર કિલ્લા ખાતે વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત મેયર દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૧૬ ।

સુરત મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત શહેરી વિકાસ સત્તામંડળના સંયુકત ઉપક્રમે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે તા.૦૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે પ્રથમ વખત શપથ લીધા હતા. ત્યારે ૨૦૦૧થી ૨૦૨૪ સુધીની તેમની ૨૩ વર્ષની સર્વગ્રાહી યાત્રાની ગાથા લોકો સુધી પહોંચે અને વિકાસલક્ષી પધ્ધતિથી લોકો જાગૃત થાય તે માટે તા.૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. ત્યારે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સુરતના ચોક બજાર કિલ્લા ખાતે મેયર દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓની બહેનો દ્વારા ગણેશ વંદના, રઢીયાળી ગુજરાત, ઘુમ્મર, જયતુ જયતુ ભારતમ, મિશ્ર રાસ, જગન્નાથપુરી ડાન્સ, ટિપ્પણી, કચ્છી ગરબો, જય જય ગરવી ગુજરાત, આદિવાસી ડાન્સ સહિતની ઉત્સાહપૂર્વક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે ડે. મેયર ડો. નરેન્દ્ર પાટીલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, દંડક ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ સોનલ દેસાઈ, હોસ્પિટલ સમિતિ ચેરમેને મનિષાબેન આહિર, કોર્પોરેટર સર્વશ્રી, વિવિધ સમિતિઓના અધ્યક્ષ, મનપાના અધિકારી-કર્મચારીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દેવગઢ બારીઆ તાલુકાના સેવનિયા આરોગ્ય કેન્દ્ર ખાતે દ્રષ્ટિ નેત્રાલય દાહોદના સહયોગથી આંખો તપાસવાનો કેમ્પ યોજાયો


તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૬ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ તાલુકા ના સેવનિયા આરોગ્ય કેન્દ્ર ખાતે તારીખ ૧૫/૧૦/૨૦૨૪ ના રોજ દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ના સહયોગ થી કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા સેવનિયા આરોગ્ય કેન્દ્ર ના મેડિકલ ઓફિસર ડૉ.સુભાષ તરલ સાહેબ તેમજ દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ના સહભાગી સ્ટાફ તેમજ પી.એચ.સી ના સ્ટાફ માં ફરજ બજાવતા નર્સ,એમ.પી.એચ.ડબલ્યુ,એફ.એચ.ડબલ્યુ. આશા વર્કર સુપરવાઈઝર સાહેબ દ્વારા આ કેમ્પ ને ખુલ્લો મુકવામા આવ્યો. તેમા સેવનિયા તેમજ આજુબાજુ ના ગામ ની જાહેર જનતાએ આ મફત કેમ્પ મા ભાગ લઈ કેમ્પ ને સફળ બનાવ્યો.હતો કેમ્પ માં આશરે છસ્સો થી પણ વધારે લોકો ની આંખ ના ટેસ્ટ કરવામા આવ્યા અને જરુરી લોકોને દવા ગોળી આપવામા આવી અને મોતિયા જેવી તકલીફ ધરાવતા લોકોને દાહોદ ખાતે લઈ જવામા આવ્યા. હતા આ કેમ્પ ને સફળ બનાવવા માટે સેવનિયા પી.એચ.સી ના આશાવર્કર બહેનોએ સારો એવો સહયોગ આપી કેમ્પ ને સફળ બનાવવામા સહભાગી થયા જેના માટે આ અંતરિયાળ વિસ્તાર માં આવેલ પી.એચ.સી. ખાતે જે દ્રષ્ટિ નેત્રાલાય ના સહયોગ થી જે કેમ્પ ગોઠવવા માં આવ્યો અને લાભાર્થીઓ ને લાભ મળ્યો તે માટે ડોકટર તથા સ્ટાફ માં ફરજ બજાવતા એમ.પી. એચ.ડબલ્યુ.એફ.એચ.ડબલ્યુ. સુપરવાઈઝર આશાવર્કર તમામ સ્ટાફ ભેગા મળી આ કેમ્પ ને સફળ બનાવ્યો હતો.

# નિરાધાર વિધવા સહાય તથા નિરાધાર વૃધ્ધ સહાય યોજાનાના લાભાર્થી બહેનોએ વ્યક્ત કર્યો સરકારશ્રીનો આભાર



। (માહિતી) નવસારી, તા.૧૬ ।

સેવાસેતુ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાજ્ય સરકારની સેવાઓ અને યોજનાઓ સીધી નાગરિકોને પૂરી પાડીને સુશાસનને વધારવાનો છે. આજરોજ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના આટ ગામે વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં લાભાર્થીઓએ ઘર આંગણે જ સરકારશ્રીની સેવાઓનો લાભ મેળવતા વિવિધ લાભાર્થીઓએ નવસારી જિલ્લા તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં વિવિધ લાભાર્થીઓ પૈકિ એક વિધવા સહાયનો લાભ મેળવતા કરોડ કોઠવા ગામના લાભાર્થી નિર્મળાબેન હરીશભાઈ પટેલ, એ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, સરકારશ્રીએ મારા જેવી અનેક વિધવા બહેનોનો વિચાર કરી વિધવા સહાય યોજના લાગુ કરી છે. સરકાર અમારી પડખે આવી આર્થીક સહાય આપી છે જેના માટે અને સરકારશ્રી અને નવસારી જિલ્લા તંત્રનો આભાર વ્યક્ત કરીએ છીએ. નિર્મળાબેને સૌ વિધવા બહેનોવતી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા સ્થાનિક પદાધિકારીઓ અને સ્થાનિક તંત્રનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. નિર્મળાબેન ઉપરાંત અન્ય ૦૭ વિધવા મહિલાઓ જેમાં કોથમડી ગામના વનિતાબેન રમેશભાઈ હળપતિ, ખરસાડ ગામના ઈલાબેન જયેશભાઈ નાયકા, અબ્રામા ગામના લખીબેન છીબુભાઈ હળપતિ, એરૂ ગામના પ્રેમીલાબેન વિભીષણભાઈ પુરોહિત, અબ્રામા ગામના સુમિત્રાબેન છીબુભાઈ હળપતિ, દક્ષાબેન ભાવેશભાઈ પટેલ અને નિરાધાર વૃધ્ધ સહાયના લાભાર્થી સુલતાનપુર ગામના રમીલાબેન કિશોરભાઈ પટેલે સરકારશ્રી અને નવસારી જિલ્લા તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

### બ્લડ બેંક રાજપીપળાના ચેરપર્સન અને નાંદોદ

# ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના અધ્યક્ષતામાં જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો સાથે પ્રેસ કોન્ફરન્સ યોજાયો



। (માહિતી) રાજપીપળા, તા.૧૬ ।

તાજેતરમાં ગાંધીનગર રાજભવન ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નર્મદા જિલ્લા શાખાને "Outstanding Blood Donation Activities in District Branch" વર્ષ ૨૦૨૩-૨૪ માટે એવોર્ડ પ્રાપ્ત થયો છે. જેના ભાગરૂપે બ્લડ બેંક રાજપીપલાના ચેરપર્સન અને નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના અધ્યક્ષતામાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જિલ્લા શાખા-રાજપીપલા ખાતે નર્મદા જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો સાથે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતું. નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૩ થી ઈન્ડિયન રેડક્રોસ સંચાલિત એક માત્ર બ્લડ બેંક રાજપીપલામાં કાર્યરત છે. જેમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના પ્રમુખશ્રી જિલ્લા કલેકટરશ્રી એસ.કે.મોદી, ઉપ પ્રમુખશ્રી જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જનકકુમાર માઢક, ચેરપર્સન, નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ, વાઈસ ચેરમેન શ્રી દેવેન્દ્રસિંહ પરમાર, માનદ મંત્રીશ્રી જયેશભાઈ દોશી, માનદ ખજાનચી શ્રી મનિષભાઈ પંડયા સહિત ૧૧ જેટલા સભ્યશ્રીઓ બ્લડ બેંક રાજપીપલામાં દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યુ છે. આ પ્રેસકોન્ફર્સમાં નાંદોદ ધારાસભ્ય અને રેડ ક્રોસના ચેરપર્સન ડૉ.દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં રેડ ક્રોસ સોસાયટી ૨૦૧૩ થી કાર્યરત છે. અને ૨૦૧૫ થી બ્લડ ડોનેશનનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. એક લાખથી પણ ઓછી વસતી ધરાવતા જિલ્લાઓમાં "Outstanding Blood Donation Activities in District Branch" નુ કામ કર્યુ હોય એવી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી છે. દર વર્ષે ગુજરાત સ્ટેટ ઈન્ડિયન રેડક્રોસ સોસાઈટી દ્વારા જિલ્લાઓમાં કામ થઈ રહેલી બ્લડ ડોનેશનની કામગીરીને બિરદાવવા જિલ્લાઓને એવોર્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ત્યારે નર્મદા જિલ્લામા કાર્યકત એવી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યુ છે જે સૌને માટે ગૌરવની વાત છે.

# આણંદની બોરસદ ચોકડીએ ઓવરબ્રિજ પાસે દાંડી માર્ગ પર એક્તા નગર સોસાયટીના દબાણો દૂર કરાયા

। (એજન્સી) આણંદ, તા.૧૬ ।

આણંદની બોરસદ ચોકડીએ ઓવરબ્રિજ પાસે દાંડી માર્ગ પર એક્તા નગર સોસાયટીના રહીશોએ ખડકેલા દબાણો પર સોમવારે દાંડી માર્ગ વિભાગ દ્વારા બુલડોઝરો ફેરવવામાં આવ્યા હતા. ત્યારે મહિલાઓ સહિતના સ્થાનિકો બુલડોઝરની આગળ ઉભા રહી હોબાળો કરતા મામલો ગરમાયો હતો. જોકે, પોલીસે દરમિયાનગીરી કરી સ્થાનિકોને ખસેડતા તંત્રએ ૩૬ દબાણો દૂર કર્યા હતા. ૨૦ વર્ષ બાદ પ્રથમ વખત વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. આણંદની બોરસદ ચોકડીએ જીટોડિયા જવાના દાંડી માર્ગ ઉપર ઓવરબ્રિજ પાસે એક્તાનગર સોસાયટીના રહીશો દ્વારા લારી-ગલ્લાઓ, સાયકલ રિક્ષાઓ સહિતના દબાણો ખડકી દેવામાં આવ્યા છે. પરિણામે રસ્તો માત્ર ૧૦ ફૂટનો રહ્યો છે.

# રાજકોટમાં રોગચાળો ફેલતા ડેન્ગ્યુથી બે લોકોના મોત છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ મળી આવ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૧૬ ।

રાજકોટમાં રોગચાળો અટકવાનું નામ લેતો નથી. ડેન્ગ્યુના લીધે બે લોકોના મોત થયા છે. ૧૫ વર્ષીય સગીર અને ૨૪ વર્ષીય યુવતીનું મોત થયું છે. રાજ-કોટમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ નોંધાયા છે. શહેરમાં ચિકનગુનિયા અને ટાઈફોઈડના ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે. રાજકોટમાં રોગચાળો અટકવાનું નામ લેતો નથી. ડેન્ગ્યુના લીધે બે લોકોના મોત થયા છે. ૧૫ વર્ષીય સગીર અને ૨૪ વર્ષીય યુવતીનું મોત થયું છે. રાજકોટમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ નોંધાયા છે. શહેરમાં ચિકનગુનિયા અને ટાઈફોઈડના ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે. આ ઉપરાંત મેલેરિયાના બે અને કોલેરાનો એક કેસ નોંધાયો છે. શહેરમાં તાવના ૬૭૩થી વધુ કેસ નોંધાયા છે. રાજકોટ મનપાનું તંત્ર રોગચાળો કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયું છે. રોગચાળો વધતાં ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. ૩૫૦ ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત તાવના ૬૭૩થી વધુ કેસ નોંધાયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. તમારી આસાપાસ શું થાય છે તેની તકેદારી રાખો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે. તમારા પ્રેમી કે પ્રેમિકાની સંવેદનાત્મક જરૂરિયાતો સામે ઝૂકતા નહીં. આજે આરામ કરવા માટે બહુ થોડો સમય મળશે-કેમ કે બાકી રહેલા કામ તમારી વ્યસ્તતા વધારશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે એ કાયર્ય કરવાનો દિવસ.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વંગ મળશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો?



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે. કામના સ્થળે જે વ્યક્તિ તમારી સાથે તમારો સુમેળ સૌથી ઓછો હતો તેની સાથે આજે તમે સારી વાતચીત કરશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.

## બહેરાઇચ હિંસામાં ૫૦ લોકોની ધરપકડ : બજાર બીજા દિવસે બંધ

। (એજન્સી) બહેરાઇચ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના બહેરાઇચ ખાતે મહારાજગંજમાં કોમી હિંસાની ઘટનામાં ૫૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, સતત બીજા દિવસે બજાર બંધ રહ્યા હતા અને લોકોએ ઘરની અંદર રહેવાનું પસંદ કર્યું હતું. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ હુમલામાં માર્યા ગયેલા યુવકના પરિવાર જનોની મુલાકાત લીધી હતી. બહેરાઇચમાં હિંસાને પગલે પોલીસ અને અન્ય સુરક્ષાકર્મીઓનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વિસ્તારમાં મોબાઇલ અને બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરવામાં આવી છે. જોકે, વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર નજીકના જિલ્લા સીતાપુરમાં ટ્રાફિક શરૂ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રવિવારે બહેરાઇચમાં માતા દુર્ગાની મૂર્તિના વિસર્જનની શોભાયાત્રા વખતે પથ્થરમારો અને ગોળીબારને પગલે કોમી હિંસા ફાટી નીકળી હતી. બનાવમાં ૨૨ વર્ષના યુવાનનું ગોળી વાગતા મૃત્યુ થયું હતું. જ્યારે છ લોકોને ઈજા થઈ હતી. બહેરાઇચના પોલીસ સુપરિન્ટેન્ડન્ટના પીઆરઓએ જણાવ્યું હતું કે, રવિવાર અને સોમવારની હિંસામાં અત્યાર સુધી ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી છે. જ્યારે વધુ ફરિયાદ નોંધવાની પ્રક્રિયા ચાલુ છે. કોમી હિંસાની ઘટનાને પગલે વિસ્તારમાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## મહિલા ડોક્ટરના બળાત્કાર, હત્યા કેસમાં અત્યંત ગંભીરતાથી તપાસ થઈ રહી છેઃ CBI

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સીબીઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડોક્ટરના બળાત્કાર અને હત્યા કેસની તપાસ 'અત્યંત ગંભીરતા પૂર્વક' ચાલી રહી છે. સીબીઆઈ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મંગળવારે ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની બેન્ચને તપાસ એજન્સીનો પાંચમો સ્ટેટસ રિપોર્ટ સુપરત કર્યો હતો.સીબીઆઈએ બેન્ચને જણાવ્યું હતું કે, ''કેસમાં ૭ ઓક્ટોબરે આરોપી સંજય રોય સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. કેસની તપાસ અત્યંત ગંભીરતાપૂર્વક ચાલી રહી છે.'' સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, ''સીબીઆઈના અહેવાલમાં જણાવ્યા અનુસાર તપાસ એજન્સી કેસમાં અન્ય લોકોની ભૂમિકા ચકાસી રહી છે.'' કોર્ટે સીબીઆઈ પાસે ત્રણ સપ્તાહમાં સ્ટેટસ રિપોર્ટની વધુ વિગત માંગી હતી. દરમિયાન કોર્ટે આ મુદ્દે રચાયેલા નેશનલ ટાસ્ક ફોર્સ (એનટીએફ)ની ધીમી પ્રગતિ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. કેસની સુનાવણી હજુ ચાલુ છે.

# બાબા સિદ્દીકી હત્યા કેસમાં મુંબઈ પોલીસના ચોંકાવનારા ખુલાસાઓ

### હત્યા કરનાર આરોપીએ ચેટિંગ માટે સ્નેપચેટ એપ અને કોલ કરવા માટે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કર્યોઃ મુંબઈ પોલીસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

એનસીપીના દિગ્ગજ નેતા અને ઉદ્યોગપતિ બાબા સિદ્દીકીની હત્યા કેસની તપાસ કરતી મુંબઈ પોલીસ અનેક ચોંકાવનારા ખુલાસાઓ કર્યા છે. મુંબઈ પોલીસે જણાવ્યું કે, બાબા સિદ્દીકીને ઓળખવા માટે આરોપીને બાબા સિદ્દીકીની ફોટો અને બેનરનો ફોટો આપવામાં આવ્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે આ ટાર્ગેટ છે. ઘટનાના ૨૫ દિવસ પહેલા ઘર અને ઓફિસની પણ તપાસ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી શૂટર્સ ગુરમેલ સિંહ અને ધર્મરાજ કશ્યપ યુટ્યુબ પર વીડિયો જોઈને શૂટ કરવાનું શીખ્યા હતા અને



મુંબઈમાં (મેગેઝિન વિના) શૂટિંગની પ્રેક્ટિસ કરતા હતા. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં ૪ આરોપીઓની ધરપકડ કરી છે અને ત્રણ આરોપી હજુ પણ ફરાર છે. મુંબઈ પોલીસે કહ્યું કે આ કેસમાં આજે મળેલી કાળા રંગની બેગમાં તેમને ૭.૬૨ એમએમ ગન મળી છે.પોલીસે વધુમાં જણાવ્યું કે, બાબા સિદ્દીકી હત્યા કેસમાં પકડાયેલો ચોથો આરોપી હરીશ વચેટિયા તરીકે કામ કરતો હતો. ધરપકડ કરાયેલા આરોપી પ્રવીણ અને શુભમ લોણકર (ફરાર આરોપી)એ ધરપકડ કરાયેલા શૂટર્સ ગુરમેલ સિંહ અને ધર્મરાજ કશ્યપને ૨ લાખ રૂપિયા આપ્યા હતા અને આ પૈસા ચોથા આરોપી હરીશ દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા. શૂટરોને પૈસાની સાથે બે મોબાઈલ ફોન પણ આપવામાં આવ્યા હતા. હરીશ છેલ્લા ૯ વર્ષથી પુણેમાં રહે છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપીએ ચેટિંગ માટે સ્નેપચેટ એપ અને કોલ કરવા માટે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કર્યો હતો.મુંબઈ પોલીસનું કહેવું છે કે, બાબા સિદ્દીકીની હત્યાનું ષડયંત્ર ૩ મહિના પહેલા શરૂ થયું હતું, આરોપીઓ બાબા સિદ્દીકીના ઘરે હથિયારો વગર અનેકવાર ગયા હતા. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ પાસેથી મળેલી માહિતી મુજબ બાબા સિદ્દીકીની હત્યાનું સમગ્ર પ્લાનિંગ પૂણેમાં કરવામાં આવ્યું હતું. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોના નિવેદનો નોંધ્યા છે, જેમાં ઘટના સમયે હાજર રહેલા ઘણા પ્રત્યક્ષદર્શીઓનો પણ સમાવેશ થાય છે.

### પંજાબમાં માત્ર ગ્રીન ફટાકડાંની મંજૂરી

# દિલ્હીમાં ફટાકડાં પર પ્રતિબંધ ઓનલાઈન ડિલિવરી પણ નહીં

### સરકારના આદેશ અનુસાર ફટાકડા બનાવવા, સંગ્રહ કરવા, વેચવા અને ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

દિલ્હીવાસીઓએ વધુ એક દિવાળી ફટાકડાં ફોડ્યાં વગર ઉજવવી પડશે. દિવાળી પહેલા દિલ્હીમાં વાયુપ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (DPCC) એ ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારના આદેશ અનુસાર ફટાકડા બનાવવા, સંગ્રહ કરવા, વેચવા અને ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. એટલું જ નહીં, ફટાકડાની ઓનલાઈન ડિલિવરી પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. આમાં ગ્રીન ફટાકડાનો પણ સમાવેશ થાય છે.આ પ્રતિબંધને કડક રીતે લાગુ કરવાની જવાબદારી દિલ્હી પોલીસને સોંપવામાં આવી છે. દિલ્હી પોલીસ દરરોજ તેનો રિપોર્ટ DPCCને સોંપશે. જો કે, દિલ્હી ભાજપે ફટાકડા પર પ્રતિબંધ



પાછળના તર્ક સામે સવાલ ઉઠાવ્યા છે. સાથે જ આમ આદમી પાર્ટીની સરકાર પર આક્ષેપ મુક્યો છે કે તેણે કોઈપણ પ્રકારના વૈજ્ઞાનિક પુરાવા રજૂ કર્યા વિના આ પ્રતિબંધ લગાવી દીધો છે. બીજી તરફ, પંજાબ સરકારે જણાવ્યું છે કે દિવાળી, ગુરુપૂર્વ, ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન માત્ર ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવશે. ગ્રીન ફટાકડા, જે બેરિયમ ક્ષાર અથવા એન્ટિમોની, લિથિયમ, પારો, આર્સેનિક, સીસું અથવા સ્ટ્રોન્ટિયમ ક્રોમેટના સંયોજનોથી મુક્ત છે, માત્ર તેમના ઉપયોગની છૂટ અપાઈ છે. દિલ્હી ભાજપના પ્રવક્તા પ્રવીણ કપૂરે દાવો કર્યો હતો કે દિલ્હી સરકારે ફટાકડાને પ્રાથમિક પ્રદૂષક તરીકે દર્શાવતો કોઈપણ રિપોર્ટ તૈયાર કર્યો નથી. કપૂરે કહ્યું હતું કે દિલ્હી સરકારે હજુ સુધી એવો કોઈ વૈજ્ઞાનિક રિપોર્ટ રજૂ કર્યો નથી જે સાબિત કરે કે દિવાળીની રાત્રે ફોડવામાં આવતા ફટાકડા શિયાળામાં પ્રદૂષણનું કારણ છે.

## એક્ઝિટ પોલ્સ અંગે ન્યૂઝ ચેનલોને આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ચૂંટણીના એક્ઝિટ પોલ્સ અને મતગણતરીને દિવસે પ્રારંભિક ટ્રેન્ડ દર્શાવવાની મીડિયાની રીતસમોની આકરી ટીકા કરતાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે એક્ઝિટ પોલ અપેક્ષાઓ વધારીને મોટો ભ્રમ ઊભો કરે છે અને આ મુદ્દે મીડિયા અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયાએ આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની તારીખની જાહેર કરવાની પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે અમે એક્ઝિટ પોલ્સનું નિયમન કરતાં નથી, પરંતુ આત્મિનિરીક્ષણ કરવાની જરૂરિયાત છે.એક્ઝિટ પોલ્સ માટેની સેમ્પલ સાઈઝ કઈ છે, સરવે કયા કરવામાં આવ્યો છે, તારણો કેવી રીતે કાઢવામાં આવ્યા છે, મારી જવાબદારી શું છે, જો વાસ્તવિક રિઝલ્ટ મુજબ તારણ ન આવે તો ડિસ્ક્લોઝર આ તમામ બાબતો અંગે વિચારણા કરવાની જરૂરી છે. ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એન્ડ ડિજિટલ સ્ટાન્ડર્ડ ઓથોરિટી જેવા એસોસિયેશનોએ થોડું આત્મનિરીક્ષણ કરવું જોઈએ. એક્ઝિટ પોલ્સનું સંચાલન કરતી સંસ્થાઓ છે, મને ખાતરી છે કે એક્ઝિટ પોલ્સનું નિયમન કરતા એસોસિયેશનનો કે સંસ્થાઓએ આત્મનિરીક્ષણ કરવાનો સમય આવી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે સામાન્ય રીતે મતદાન પૂરું થાય તેના ત્રીજા દિવસે મત ગણતરી થાય છે.

## અમેરિકા પાસેથી ભારત રૂ.૩૨,૦૦૦ કરોડના પ્રિડેટર ડ્રોનની ખરીદી કરશે

### સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓએ આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકા અને ભારત વચ્ચે મંગળવારે રૂ.૩૨ હજાર કરોડ રૂપિયાની ડિફેન્સ ડીલ ફાઈનલ થઈ છે. આ અંતર્ગત ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર (MQ-9B હન્ટર કિલર) ડ્રોન ખરીદશે. આ અમેરિકન સ્ઊ-૯ રીપર ડ્રોનનું એક પ્રકાર છે. આ ડ્રોન ત્રણેય સેનાઓને ફાળવવામાં આવશે. તેમના રિપેર અને મેન્ટેનન્સ માટે દેશમાં એક વિશેષ સુવિધા વિકસાવવામાં આવશે. સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓએ આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા.ગયા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં આ ડીલને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. અમેરિકાની ચૂંટણીના એક સપ્તાહ પહેલા ભારતે અમેરિકા સાથે ડીલ સાઈન કરી છે. અમેરિકાનું જનરલ એટોમિક્સ આ ડ્રોન ભારતને આપશે. તેઓને ચેન્નાઈમાં INS રાજાની, પોરબંદર અને ગુજરાતના સરસાવામાં તહેનાત કરવામાં આવશે. આ સિવાય તેને યુપીના ગોરખપુરમાં પણ તહેનાત કરાશે. ભારતીય નૌકાદળને ૧૫ સી ગાર્ડિયન ડ્રોન મળશે. એરફોર્સ અને આર્મીને આવા ૮-૮ ડ્રોન મળશે. ખાસ વાત એ છે કે આ એ જ ડ્રોન છે જેની મદદથી અમેરિકાએ પ્રખ્યાત આતંકવાદી ઓસામા બિન લાદેનને શોધી કાઢ્યો હતો તથા અલ જબાહિરીને મારી નાખ્યો હતો. હવે આ ડ્રોન ભારતીય સેનાના કાફલામાં સામેલ થવા જઈ રહ્યા છે, તેથી સેનાની તાકાત સ્વાભાવિક રીતે જ વધારો થશે. અમેરિકા સાથેના કરાર હેઠળ ભારતીય નૌકાદળને ૧૫ 'સી ગાર્ડિયન ડ્રોન' અને ભારતીય વાયુસેના અને સેનાને આઠ 'સ્કાય ગાર્ડિયન ડ્રોન' મળશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)એ ભારતની સૈન્ય શક્તિ વધારવાના ઉદ્દેશ્ય સાથે અમેરિકા પાસેથી ૩૧ 'પ્રિડેટર લોંગ-એન્ડ્યુરન્સ' ડ્રોનની ખરીદી અને બે પરમાણુ સંચાલિત સબમરીનના સ્વદેશી નિર્માણને મંજૂરી આપી હતી.

## સગીર સામે કપડાં ઉતારવા, સેક્સ કરવું એ જાતીય સતામણી સમાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કોઈપણ સગીર સામે કપડાં ઉતારવા કે તેની નજર સામે સેક્સ કરવું એ પોક્સો એક્ટ હેઠળ જાતીય સતામણી સમાન છે અને તે સજાપાત્ર ગુનો બને છે. હાલમાં જ કેરળ હાઈકોર્ટે એક અરજીની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. આરોપ છે કે અરજદાર અને પીડિત બાળકની માતાને સેક્સ કરતા બાળકે જોઈ લીધાં હતાં, ત્યારબાદ તેને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો.રિપોર્ટ અનુસાર, કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ એ બદરુદ્દીને ટિપ્પણી કરી હતી કે જો સ્પષ્ટરૂપે કહીએ તો જ્યારે કોઈ વ્યક્તિ બાળકને શરીરનો કોઈપણ ભાગ નગ્ન બતાવે છે, તો તે એ દર્શાવે છે કે તે બાળકની જાતીય સતામણી કરવાનો ઈરાદો ધરાવે છે. આ બાબત POCSO કાયદાની કલમ ૧૨ની સાથે કલમ ૧૧(૧) જોતાં સજાપાત્ર અપરાધ સમાન બને છે. આ કિસ્સામાં, આરોપ છે કે આરોપીઓ રૂમને તાળું માર્યા વગર કપડા કાઢીને યૌન સંબંધ બનાવવામાં વ્યસ્ત હતાં. તેઓએ બાળકને રૂમમાં આવવા દીધો જેથી તે આ બધું જોઈ શકે.બીજા આરોપી તરીકે રજૂ કરાયેલા અરજદાર અને પ્રથમ આરોપી પીડિતાની માતા વચ્ચે જાતીય સંબંધ હતાં. સગીરને સામાન લાવવા માટે મોકલ્યા બાદ અરજદાર અને પીડિત બાળકની માતાએ લૉજના રૂમમાં શારીરિક સંબંધો બાંધ્યા હતા. જ્યારે સગીર છોકરો પાછો ફર્યો ત્યારે તેણે અરજીકર્તા અને તેની માતાને વાંધાજનક સ્થિતિમાં જોયા કારણ કે રૂમ બંધ ન હતો.

## પ્રથમદર્શીય પુરાવા હોય તો FIR રદ ના કરી શકાય : સુપ્રીમ કોર્ટ

### ખંડપીઠે નોંધ્યું હતું કે આરોપીઓએ ૧૪ જુલાઈ, ૨૦૧૪ અને ૩૧ માર્ચ, ૨૦૧૬ વચ્ચે રૂ.૩૩,૦૦૦ના માસિક ભાડા પર મલિકની ટ્રક ભાડે લીધી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે તેના એક ચુકાદામાં મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (FIR) માં આરોપી સામે અપ્રમાણિક વર્તણૂકનો આરોપ મૂકવામાં આવેલો હોય અને કોઈ ગુનો બનતો હોવાના પુરાવા હોય ત્યારે એફઆઈઆરને રદ કરીને તપાસને અટકાવી શકાય નહીં. જસ્ટિસ જે બી પારડીવાલા અને મનોજ મિશ્રાની બંનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે ફોજદારી કાર્યવાહી અથવા FIRને રદ કરવાનો નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે FIRના આરોપો અને તપાસ દરમિયાન એકત્રિત કરાયેલા પુરાવાથી આરોપી સામે પ્રથમ દ્રષ્ટીએ કેસ બને છે કે નહીં. તેથી FIRમાં અપ્રમાણિક વર્તણૂકના આરોપ હોય અને તેના સમર્થનમાં પુરાવા દર્શાવતા હોય કે આરોપીઓ ગુનો કર્યો છે તો એફઆઈઆર રદ કરીને વધુ તપાસને અટકાવી શકાય નહીં. સોમજીત મલિક નામના એક વ્યક્તિની અરજીની સુનાવણી કરતી વખતે ૧૪ ઓક્ટોબરે કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. ઝારખંડ હાઈકોર્ટે આરોપીઓ સામેની એફઆઈઆરને પહેલી ફેબ્રુઆરીએ રદ કરી હતી. હાઈકોર્ટના આદેશને મલિકે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મલિકે આરોપ મૂક્યો હતો કે તેમની ટ્રક જુલાઈ ૨૦૧૪થી આરોપીઓના કબજામાં છે અને આરોપીઓ તેનું ભાડું ચુકવ્યું નથી. કુલ રૂ.૧૨.૪૯ લાખ ભાડું બાકી છે. ખંડપીઠે નોંધ્યું હતું કે આરોપીઓએ ૧૪ જુલાઈ, ૨૦૧૪ અને ૩૧ માર્ચ, ૨૦૧૬ વચ્ચે રૂ.૩૩,૦૦૦ના માસિક ભાડા પર મલિકની ટ્રક ભાડે લીધી હતી, પરંતુ પ્રથમ મહિના પછી ભાડું આપવાનું બંધ કર્યું હતું અને માત્ર ખોટા વચનો આપ્યાં હતાં. આરોપીએ ભાડુ ચુકવ્યું ન હતું અને ટ્રકનો કબજો પોતાની પાસે રાખ્યો હતો. આવા સંજોગોમાં ટ્રકનું શું થયું તે તપાસનો વિષય છે. જો આરોપી દ્વારા તેનો અપ્રમાણિકપણે નિકાલ કરવામાં આવ્યો હોય, તો તે વિશ્વાસના ગુનાહિત ભંગનો કેસ બની શકે છે.

**વિશેષ** NMHCના નિર્માણના પ્રથમ તબક્કા હેઠળ ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને સમર્પિત મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે


# ગુજરાતના લોથલ ખાતે બનશે ભારતનું પ્રથમ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતના પ્રાચીન વારસાનું એક મહત્વપૂર્ણ સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસને મંજૂરી આપી છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા સંચાલિત આ પહેલનો ઉદ્દેશ્ય ભારતના ૪,૫૦૦ વર્ષ જૂના દરિયાઈ વારસાનું સન્માન કરવાનો અને તેને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)નો શિલાન્યાસ માર્ચ ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો, જે વિશ્વનું સૌથી મોટું મેરિટાઈમ કોમ્પ્લેક્સ બનવા જઈ રહ્યું છે. આ આખો પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. દરેક તબક્કો મુલાકાતીઓના અનુભવ અને શૈક્ષણિક પ્રભાવને વધારવાના ઉદ્દેશથી ડિઝાઈન કરવામાં આવ્યો છે.

NMHCનો તબક્કો ૧છ હાલ પ્રગતિ હેઠળ છે, જેમાં ૬૦% થી વધુ કામ પૂર્ણ થયું છે. આ તબક્કા હેઠળ NMHC મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે, જેમાં છ ગેલેરીઓ સમાવિષ્ટ કરવામાં આવશે. આ મ્યુઝિયમ ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને




સમર્પિત કરવામાં આવશે, અને તે દેશમાં સૌથી મોટું મ્યુઝિયમ હશે તેવી અપેક્ષા છે. આ ગેલેરીમાં INS નિશાંક, સી હેરિયર એરક્રાફ્ટ અને UH3 હેલિકોપ્ટર જેવા નૌકાદળના યુદ્ધ જહાજો પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, તબક્કા ૧છમાં પ્રાચીન લોથલ ટાઉનશીપનું મોડેલ, એક ઓપન એક્વેટિક (જળચર) ગેલેરી અને જેટ્ટી વોકવેનો સમાવેશ કરવામાં આવશે. ૧,૨૩૮.૦૫ કરોડના અંદાજિત ખર્ચ સાથે આ તબક્કા હેઠળનું કાર્ય વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે મુખ્ય બંદરો, સંરક્ષણ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલયના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

તબક્કા ૧મ્માં, NMHC મ્યુઝિયમમાં વધુ આઠ ગેલેરીઓ તેમજ એક લાઈટહાઉસ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. લાઈટહાઉસ મ્યુઝિયમને વિશ્વનું સૌથી ઊંચું મ્યુઝિયમ બનાવવાની યોજના છે. તેમાં એક બગીચા કોમ્પ્લેક્સનો પણ સમાવેશ થાય છે, જેમાં લગભગ ૧,૫૦૦ વાહનો માટે પાર્કિંગ, એક ફૂડ હોલ અને મેડિકલ સેન્ટર હશે. આ લાઈટહાઉસ મ્યુઝિયમનો અંદાજિત ખર્ચ ૨૬૬.૧૧ કરોડ છે, જે માટે ડિરેક્ટોરેટ જનરલ ઑફ લાઈટહાઉસ એન્ડ લાઈટશિપ્સ (DGLL) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. NMHCના બીજા તબક્કામાં, દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા વિશેષ પેવેલિયન બનાવવામાં આવશે. તેમાં સમુદ્રની થીમ પર બનાવેલા ઈકો ફ્રેન્ડલી રિસોર્ટ અને 'મ્યુઝ્યોટેલ' બનાવવામાં આવશે જે મ્યુઝિયમ અને હોટલને જોડશે. મુલાકાતીઓ લોથલના પ્રાચીન શહેરની ઝલક મેળવી શકશે. ચાર થીમ પાર્ક સાથે એક મેરીટાઈમ ઈન્સ્ટિટ્યૂટ અને હોસ્ટેલ બનાવવામાં આવશે. ચાર થીમ પાર્કમાં મેરીટાઈમ એન્ડ નેવલ, ક્લાઈમેટ ચેન્જ, મોન્યુમેન્ટ્સ અને એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ પાર્કનો સમાવેશ થાય છે. આ તમામ થીમ પાર્ક લોકોને દરિયાઈ વારસા વિશે વધુ માહિતગાર કરશે.

કેબિનેટે એક વ્યૂહાત્મક યોજના બનાવીને NMHC પ્રોજેક્ટના આગામી તબક્કાઓની કામગીરીને પ્રાથમિક મંજૂરી આપી છે. આ તબક્કાઓને સ્વૈચ્છિક દાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે, અને તેમની પ્રગતિ પર્યાપ્ત નાણાં એકત્ર કરવા પર નિર્ભર રહેશે. બંદરો, શિપિંગ અને જળમાર્ગોના મંત્રીશ્રીના નેતૃત્વમાં એક વિશેષ સોસાયટી દ્વારા આ તબક્કાઓની કામગીરીનું સંચાલન કરવામાં આવશે.

NMHCના વિકાસથી ૧૫ હજાર પ્રત્યક્ષ અને ૭ હજાર પરોક્ષ રોજગારીની તકો પેદા થશે. આર્થિક વૃદ્ધિને આગળ વધારવાની સાથોસાથ, તેનાથી સ્થાનિક સમુદાયો, પ્રવાસીઓ, સંશોધકો, વિદ્વાનો, સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સાંસ્કૃતિક સંસ્થાઓ, પર્યાવરણીય જૂથો અને વ્યવસાયોને ફાયદો થશે. લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) એ ભારતના દરિયાઈ વારસાને સન્માનિત કરવા અને જાળવવા માટેનો સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ છે.

## ન્યૂઝ બ્રિફ

### મહેસાણાના ઊંઝામાં નકલી જીરું અને વરિયાળી બનાવતી ફેક્ટરી ઝડપાઈ

। (એજન્સી) મહેસાણા, તા.૧૬ ।
ઊંઝામાંથી નકલી જીરું અને વરિયાળી બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. આ ફેક્ટરીમાં નકલી જીરું-વરિયાળી ઝડપવામાં આવ્યા છે. મહેસાણા LCB પોલીસ અને ફૂડ વિભાગે ઊંઝામાં દરોડો પાડી સમગ્ર ઘટનાનો પર્દાફાશ કર્યો. દાસજ રોડ ગંગાપુરા પાસે આવેલી ફેક્ટરી પર દરોડો પાડવામાં આવ્યો. સ્થળ પરથી વરિયાળીની ૮૦૯ થેલીઓ જપ્ત કરવામાં આવી છે.મહેસાણા એલએસબીએ નકલી જીરું અને વરિયાળીની ફેક્ટરી પર દરોડો પાડ્યો, ૭૪ લાખની કિંમતનું શંકાસ્પદ જીરું અને વરિયાળી જપ્ત કરવામાં આવી છે, દાસજ રોડ પર ગંગાપુર ફેક્ટરી પાસે આ વેરહાઉસ ભાડેથી ચલાવવામાં આવતું હતું.

### વડોદરામાં ભાજપના કોર્પોરેટરના પુત્ર સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।
વડોદરામાં ભાજપના કોર્પોરેટરના દિકરા સામે ફરિયાદ દાખલ થતા ચકચાર મચી છે. પાવાગઢના જંગલમાં કારમાં એક સગીરાનો વીડિયો બનાવીને મોકલવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેમાં ભાજપના કોર્પોરેટર ઘનશ્યામ પટેલના પુત્ર દર્શન સહિત પાંચ જણા સામે અશ્લિલ વીડિયો શેર કરવા બદલ આ ફરિયાદ દાખલ થઈ છે. વડોદરાના તરસાલી વિસ્તારની એક સગીરાનો વીડિયો શેર કરતા આ ફરિયાદ નોંધાઈ છે. બીજીતરફ પોલીસે આ અંગે કાર્યવાહી ન કરતા હિન્દુ સંગઠ્નોની મદદ માંગવામાં આવી છે.

# ડિજિટલ એરેસ્ટ કરતી ગેંગના માસ્ટર માઇન્ડ ચાર તાઈવાનના આરોપીઓની ધરપકડ

## આ આરોપીઓ તાઈવાનમાં બેસીને OTP વગર બેંક ખાતામાંથી પૈસા ઉપાડી રહ્યા હતા આરોપીઓ પાસેથી એક પીપીટી પણ મળી આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।
સાયબર ક્રાઈમે ડિજિટલ અરેસ્ટ ગેંગના ૧૩ ભારતીય અને ૪ તાઈવાનના આરોપીઓની ધરપકડ કરી છે. ૪ તાઈવાન ના નાગરિકો સમગ્ર કૌભાંડના માસ્ટરમાઈન્ડ છે. આ આરોપીઓ તાઈવાનમાં બેસીને OTP વગર બેંક ખાતામાંથી પૈસા ઉપાડી રહ્યા હતા. આરોપીઓ પાસેથી એક પીપીટી પણ મળી આવી છે, જેમાં કામ કરવાની પદ્ધતિ સમજાવવામાં આવી છે. તાઈવાની ભાષા સમજતા અનુવાદકને આરોપીઓને સમજવા અને પૂછપરછ દરમિયાન તેમના જવાબો મેળવવા માટે રાખવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમ માત્ર એક ગેંગ છે, દક્ષિણ એશિયાના દેશમાં આવી ૫૦ થી વધુ ગેંગ સક્રિય છે. જેઓ અલગ-અલગ સાયબર ગુનાઓ કરી રહ્યા છે. આ કામગીરી બદલ અમદાવાદ પોલીસ કમિશનરે ગઈકાલે સાયબર ક્રાઈમના એસીપી હાર્દિક માકડીયા સહિતની ટીમનું સન્માન કર્યું હતું અને પ્રશંસાપત્ર આપ્યું હતું. પોલીસ માટે તાઈવાનની ધરપકડ કરવી મુશ્કેલ બની ગઈ હતી. અમદાવાદના સિનિયર સિટીઝન સાથે ડિજિટલ અરેસ્ટના નામે ૮૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ગુનામાં સાયબર ક્રાઈમે સૌપ્રથમ ટેકનીકલ એનાલીસીસના આધારે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીની ધરપકડ બાદ પોલીસ તાઈવાનના આરોપીઓ સુધી તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને કોમ્યુનિકેશન પ્લેટફોર્મના આધારે પહોંચી હતી. પરંતુ પોલીસ માટે તાઈવાનના આરોપીઓને પકડવાનું મુશ્કેલ બની ગયું જ્યારે પોલીસને ખબર પડી કે તાઈવાનથી સમગ્ર રેકેટ ચલાવતા ચાર આરોપીઓ ભારત આવવાના છે, જેની પોલીસ રાહ જોઈ રહી છે. જ્યારે તાઈવાનથી બે આરોપી દિલ્હી અને બે આરોપી બેંગલુરુ આવ્યા ત્યારે પોલીસે ચારેય આરોપીઓની એકસાથે ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી પુરાવા એકત્ર કરવા જરૂરી હોવાથી આરોપી લેપટોપ ચાલુ ન કરે ત્યાં સુધી આરોપીને દિલ્હીની તાજ હોટલમાં આરોપીથી દૂર રાખવામાં આવ્યો હતો.








અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરીના નવનિર્મિત ભવનની ગુજરાત રાજ્યના ૨૮ નિવૃત્ત સિનિયર પોલીસ અધિકારીશ્રીઓ દ્વારા વિઝીટ કરવામાં આવી હતી. પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિક દ્વારા તમામ અધિકારીઓને આવકાર આપવામાં આવ્યું હતું.

### ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને સમર્પિત કરાશે

# લોથલમાં બનશે દેશનું પ્રથમ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ

## ભારતના ૪,૫૦૦ વર્ષ જૂના દરિયાઈ વારસાનું સન્માન કરવાનો અને તેને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો ઉદ્દેશ્ય

। (એજન્સી) લોથલ, તા.૧૬ ।
ગુજરાતના પ્રાચીન વારસાનું એક મહત્વપૂર્ણ સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસને મંજૂરી આપી છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા સંચાલિત આ પહેલનો ઉદ્દેશ્ય ભારતના ૪,૫૦૦ વર્ષ જૂના દરિયાઈ વારસાનું સન્માન કરવાનો અને તેને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સનો શિલાન્યાસ માર્ચ ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો, જે વિશ્વનું સૌથી મોટું મેરિટાઈમ કોમ્પ્લેક્સ બનવા જઈ રહ્યું છે. આ આખો પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. દરેક તબક્કો મુલાકાતીઓના અનુભવ અને શૈક્ષણિક પ્રભાવને વધારવાના ઉદ્દેશથી ડિઝાઈન કરવામાં આવ્યો છે.

NMHCનો તબક્કો ૧છ હાલ પ્રગતિ હેઠળ છે, જેમાં ૬૦% થી વધુ કામ પૂર્ણ થયું છે. આ તબક્કા હેઠળ NMHC મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે, જેમાં છ ગેલેરીઓ સમાવિષ્ટ કરવામાં આવશે. આ મ્યુઝિયમ ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને સમર્પિત કરવામાં આવશે, અને તે દેશમાં સૌથી મોટું મ્યુઝિયમ હશે તેવી અપેક્ષા છે. આ ગેલેરીમાં INS નિશાંક, સી હેરિયર એરક્રાફ્ટ અને UH3 હેલિકોપ્ટર જેવા નૌકાદળના યુદ્ધ જહાજો પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, તબક્કા ૧છમાં પ્રાચીન લોથલ ટાઉનશીપનું મોડેલ, એક ઓપન એક્વેટિક (જળચર) ગેલેરી અને જેટ્ટી વોકવેનો સમાવેશ કરવામાં આવશે. ૧,૨૩૮.૦૫ કરોડના અંદાજિત ખર્ચ સાથે આ તબક્કા હેઠળનું કાર્ય વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે મુખ્ય બંદરો, સંરક્ષણ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલયના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

NMHC મ્યુઝિયમમાં વધુ આઠ ગેલેરીઓ તેમજ એક લાઈટહાઉસ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. લાઈટહાઉસ મ્યુઝિયમને વિશ્વનું સૌથી ઊંચું મ્યુઝિયમ બનાવવાની યોજના છે. તેમાં એક બગીચા કોમ્પ્લેક્સનો પણ સમાવેશ થાય છે, જેમાં લગભગ ૧,૫૦૦ વાહનો માટે પાર્કિંગ, એક ફૂડ હોલ અને મેડિકલ સેન્ટર હશે. આ લાઈટહાઉસ મ્યુઝિયમનો અંદાજિત ખર્ચ ૨૬૬.૧૧ કરોડ છે, જે માટે ડિરેક્ટોરેટ જનરલ ઑફ લાઈટહાઉસ એન્ડ લાઈટશિપ્સ (DGLL) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે.

NMHCના બીજા તબક્કામાં, દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા વિશેષ પેવેલિયન બનાવવામાં આવશે. તેમાં સમુદ્રની થીમ પર બનાવેલા ઈકો ફ્રેન્ડલી રિસોર્ટ અને 'મ્યુઝ્યોટેલ' બનાવવામાં આવશે જે મ્યુઝિયમ અને હોટલને જોડશે. મુલાકાતીઓ લોથલના પ્રાચીન શહેરની ઝલક મેળવી શકશે.

### કર્મચારીઓને ઓક્ટોબરનું વેતન અને પેન્શન વહેલું આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।
રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ, નિવૃત્ત પેન્શનર્સ આગામી દિવાળીના તહેવારની ઉજવણી આનંદ ઉલ્લાસથી કરી શકે તે માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ વર્ષે દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઈને કર્મચારીઓને મળતા માસિક પગાર તેમજ પેન્શનર્સને પેન્શનની રકમની ચુકવણી એડવાન્સમાં કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગે નાણાં વિભાગને આપેલા દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારના કર્મચારીઓ, પેન્શનર્સને ઓક્ટોબર માસની ૨૩ થી ૨૫ તારીખ દરમિયાન આ મહિનાના પગાર અને પેન્શનનું એડવાન્સ ચુકવણું કરવામાં આવશે. મુખ્યમંત્રી સમક્ષ વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓની આ સંદર્ભમાં મળેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ઓક્ટોબર-૨૦૨૪ના પગાર-પેન્શન એડવાન્સમાં ચૂકવવાનો આ નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર સામાન્યરીતે મહિનાની શરૂઆતના તા.૧થી ૭ સુધીમાં થતા હોય છે.

### ૧૨૦ બાળકો મુકાયા મુશ્કેલીમાં

# પાલિતાણાની જામવાળી ગામે શાળાના બાળકોને ફૂડ પોઇઝનીંગ

## ૨૩ બાળકોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી અને બે થી ચાર બાળકોને બોટલ ચડાવવાની ફરજ પડી

।(એજન્સી) પાલીતાણા, તા.૧૬।
ડોક્ટરોના મતે વાસી ખોરાક કે ખરાબ પાણીના સેવનથી ખતરનાક બેક્ટેરિયા શરીરમાં પ્રવેશ કરે છે. આ બેક્ટેરિયા નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા બાળકોને સરળતાથી શિકાર બનાવે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા બાળકો ઝડપથી ચેપ લગાડે છે અને ફૂડ પોઈઝનિંગનો શિકાર બને છે.

ખરાબ ખોરાકથી ફૂડ પોઈઝનિંગના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. પાલીતાણા તાલુકાના જામવાળી ગામે શાળામાં ભોજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભોજન કર્યા બાદ મોટી સંખ્યામાં શાળાના બાળકોને રાત્રી દરમ્યાન ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી. બનાવને પગલે મોડી રાત્રે આરોગ્યની ટીમ જામવાળી ગામે દોડી ગઈ હતી. જોકે એકપણ બાળકને ગંભીર અસર ન થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. હાલમાં તમામ બાળકોની સ્થિતિ સામાન્ય છે.

ખોરાકમાં ભેળસેળ થતી હોવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યાં છે. તેમજ તહેવારોના દિવસો ચાલી રહ્યા છે ત્યારે ફૂડ પોઈઝનિંગના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવી રહ્યા છે. પાલીતાણા તાલુકાના જામવાળી ગામે શાળાના ૧૨૦ બાળકો માટે ભોજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એક બાળકનો જન્મ દિવસ હતો. તે નિમિત્તે ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોને પુરી-શાક અને લાડવાનું ભોજન પીરસવામાં આવ્યું હતું. આ ભોજન બહારથી મંગાવવામાં આવ્યું હતું. શાળાના ૧૨૦ બાળકોએ આ ભોજન આરોગ્યું હતું, ત્યારબાદ મોડીરાત્રે ૨૩ જેટલા બાળકોને ફૂડ પોઇઝનીંગની અસર જોવા મળી હતી. ભાવનગર જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારી ચંદ્રમણીએ જણાવ્યું કે, જાણ થતા જ આરોગ્યની ટીમ જામવાળી ગામે પહોંચી ગઈ હતી. જ્યાં કુલ ૧૨૦ જેટલા બાળકો પૈકી ૨૩ બાળકોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી. બે થી ચાર બાળકોને બોટલ ચડાવવાની ફરજ પડી, જ્યારે અન્ય બાળકોને સામાન્ય અસર હતી. જોકે, ડાયરીયા વધુ પ્રમાણમાં થયા હોવાનું સામે આવ્યું છે. જામવાળી ગામે થયેલા બનાવમાં શાળાના આચાર્ય અલકાબેન જોષીએ જણાવ્યું હતું કે, શાળાના કર્મચારી બહેનના બાળકનો જન્મદિવસ હોવાથી પાલીતાણાથી દિલીપભાઈ નામના રસોયાને બોલાવવામાં આવ્યા હતા. જેમાં બપોરના સમય બાળકો માટે છોલે-ચણા, પૂરી, પાપડ, સલાડ, મોતીચૂરના લાડવા અને છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ૧૨૦ માંથી ૨૪ જેટલા બાળકોને સામાન્ય અસર થઈ હતી. તેમાંથી ત્રણ બાળકોને બોટલ ચડાવવાની ફરજ પડી. હાલ દરેકને સ્થિતિ સામાન્ય છે.

### રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૨૨૭ કામદારોનાં મોત

। (એજન્સી) કડી, તા.૧૬ ।
કડી તાલુકાના જાસલપુર ગામ માં ૯ બાંધકામ મજૂરોના મોતને પગલે બાંધકામ કામદાર સંગઠનોના આગેવાનોએ કામના સ્થળે બાંધકામ કામદારોની સલામતી અંગે ઝીરો ટોલરન્સની નીતિ અને અકસ્માત માટે જવાબદાર માલિક અને બેજવાબદારી બદલ અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાની માંગ કરી છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૨૭ બાંધકામ કામદારો મૃત્યુ પામ્યા છે, જ્યારે સરકારી વિભાગે પણ સાઈટ્સ પર વધુ સલામતી તપાસની માંગ કરી છે. બાંધકામ કામદાર સંકલન સમિતિ દ્વારા જિલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પાઠવેલા આવેદનમાં જણાવાયું છે કે બાંધકામ સ્થળ પર બેદરકારીના કારણે કામદારો પર જોખમ વધી રહ્યું છે. અમદાવાદના ગુલબાઈ ટેકરામાં બે વર્ષ પહેલા એક કન્સ્ટ્રક્શન સાઈટ પર અકસ્માતમાં સાતના મોત થયા બાદ જેસલપુરમાં નવ કામદારોના મોત થયા છે. ૨૦૨૨ માં, ગુજરાતમાં ૧૧૯ અને અમદાવાદમાં ૫૫ કામદારો અને ૨૦૨૩માં ગુજરાતમાં ૧૦૮ અને અમદાવાદમાં ૩૦ કામદારો અકસ્માતોને કારણે મૃત્યુ પામ્યા હોવાનું સત્તાવાર રીતે નોંધાયું હતું. મોટા ભાગના મૃત્યુ ચાલુ કામ દરમિયાન પાણીનો ધોધ છૂટતા અને ખડકો ધસી પડવાના કારણે થયા છે.અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં ૨૦૦૮ થી ૨૦૨૩ સુધીમાં ૧૫૦૦ થી વધુ કામદારોએ જીવ ગુમાવ્યો હતો. સમિતિના સંયોજક વિપુલ પંડ્યાએ આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં સ્થળાંતરિત આદિવાસી બાંધકામ કામદારો અસુરક્ષિત સ્થિતિમાં કામ કરી રહ્યા હતા, તેમણે ઉમેર્યું હતું કે એકવાર પરિવાર માટે વળતરની જાહેરાત કરવામાં આવે છે અને ફોજદારી કેસ નોંધવામાં આવે છે, બધું ભૂલી જાય છે. GDCR-૨૦૨૧ મુજબ, ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર બિલ્ડર અથવા માલિક-ડેવલપરો પાસેથી બાંધકામ પરમિટ જારી કરતી વખતે પૂરતી સલામતી રાખવાની લેખિત બાંયધરી લે છે.

### આજે સત્તાવાર પરિપત્ર બહાર પાડવામાં આવ્યો

# મધ્યાહન ભોજન યોજનાના ભોજન નિરીક્ષ-કોના પગારમાં સીધો દસ હજારનો વધારો

## મિડ-ડે મીલ સુપરવાઇઝરનો માસિક પગાર કોન્ટ્રાક્ટના ધોરણે વધારીને રૂ.૨૫,૦૦૦ કરવામાં આવ્યો છે

।(એજન્સી) અમદાવાદ, તા.૧૬।
શિક્ષણ વિભાગ દ્વારા આજે સત્તાવાર પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં મિડ-ડે મીલ સુપરવાઈઝરના માસિક પગારમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં મિડ-ડે મીલ સુપરવાઈઝરનો માસિક પગાર કોન્ટ્રાક્ટના ધોરણે વધારીને રૂ.૨૫,૦૦૦ કરવામાં આવ્યો છે. અગાઉ સુપરવાઈઝરને ૧૫,૦૦૦ રૂપિયા માસિક પગાર આપવામાં આવતો હતો. શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે મધ્યાહન ભોજન યોજના હેઠળ તાલુકા સ્તરે કામ કરતા ૧૧ મહિનાના કરાર આધારિત MDM સુપરવાઈઝરનો માસિક પગાર વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. આ વધારો ઓક્ટોબર ૨૦૨૪થી લાગુ થશે. આ પરિપત્ર જાહેર થતાં રાજ્યના તમામ મધ્યાહન ભોજન નિરીક્ષકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. તમામ સુપરવાઈઝરને ૧૫,૦૦૦ રૂપિયાનો પગાર આપવામાં આવ્યો હતો. ત્યારે તમામ સુપરવાઈઝર માટે દિવાળીમાં રૂ.૧૦ હજારનો વધારો કરાયો હતો. આમ મધ્યાહન ભોજન યોજનાના નિરીક્ષકો માટે આ પગાર વધારો જાણે નવા જ પ્રકારના મધ્યાહન ભોજન સ્વરૂપ સમાન હતો. ઘણાએ તો તેને દિવાળીની ભેટ સમાન ગણાવ્યો હતો.પીએમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના હેઠળ તાલુકા કક્ષાએ ફરજ બજાવતા ૧૧ માસના કરાર આધારિત એમડીએમ સુપરવાઈઝરનો મહિને પગાર ૧૫ હજારથી વધારી ૨૫ હજાર રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ વધારેલો પગાર નવેમ્બર મહિનાથી મળવા લાગશે. રાજ્ય સરકારે તાજેતરમાં જ વિવિધ પ્રકારના કરાર આધારિત કર્મચારીઓના પે સ્કેલનું રિવિઝન કર્યુ છે. તેમા જુદા-જુદા ખાતાઓના કરાર આધારિત સરકારી કર્મચારીઓના પગારમાં સીધો ૨૦ ટકાથી લઈને ૩૦ ટકાનો વધારો આપવામાં આવ્યો છે. આ જ સંદર્ભને ધ્યાનમાં રાખીને ભોજન નિરીક્ષકોના પગારમાં પણ રાજ્ય સરકારે નોંધપાત્ર પગાર વધારો કરવાનો નિર્ણય લીધો છે. તેના લીધે મધ્યાહન ભોજન નિરીક્ષકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. તેઓનું કહેવું છે કે હાશ હવે અમારો પગાર અમારા ખર્ચાને પૂરા કરવાની નજીક પહોંચ્યો. જો કે હજી પણ પગાર તો પૂરો પડતો નથી, છતાં પણ હાલની મોંઘવારીને ધ્યાનમાં રાખતા સરકારે લીધેલું પગલું પ્રશંસનીય છે. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે પીએમ પોષણ (મધ્યાહન ભોજન) એમ.ડી.એમ સુપરવાઈઝરની કુલ ૩૧૦ જગ્યાઓ ભરવાની મંજૂરી પણ આપવામાં આવી છે. આ જગ્યાઓ ૧૧ મહિનાના કરાર આધારિત ભરવામાં આવશે. નવી ભરતી થયેલા લોકોને પણ દર મહિને ૨૫ હજારનું વેતન મળશે.